

શ્રી વલ્લભ અને અવતાર સામ્ય

લેખન અને સંકલન : ડૉ. પીયૂષ પરીખ



શ્રીમદ્ વલ્લભાચાર્યજી

પ્રકાશક :
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ભરૂચ.
શ્રી ગોર્ધનનાથજીની હવેલી
૧૬-૧૭, ભૃગુપુર સોસાયટી, ભરૂચ, ગુજરાત.

લેખન તથા સંકલન : ડૉ. પીયૂષ પરીખ

પ્રથમ આવૃત્તિ : તા. ૨૮-૧૨-૨૦૧૪

પ્રત : ૫૦૦

ન્યોછાવર : ૩૫ + પોસ્ટેજ ખર્ચ

પ્રાપ્તિસ્થાન :
રૂણાબેન આર. મહેતા
બી-૫૯૦, અલકનંદાપાર્ક,
નારાયણવિદ્યાવિહાર પાસે, ભોલાવ,
ભરૂચ. મો.: ૯૦૧૬૧૧૬૩૫૭, ૯૩૭૪૬૫૩૯૬૩

મુદ્રક :
શ્રીજી ગ્રાફીક્સ
રાકેશ આર. મસાણી
એ-૧/૩, પટેલ સુપર માર્કેટ,
સ્ટેશન રોડ, ભરૂચ.
મો. : ૯૬૬૨૦૨૧૯૭૩

।। श्री हरि: ।।
।। श्री द्वारकेशो जयति ।।

गो. श्री व्रजेशकुमारजी महाराज
(शु.तृ. गृहाधिपति) **कांकरोली.**

स्थान : વડોદરા

दिनांक : ૨૫/૯/૨૦૧૪

શ્રીહરિરાયજી મહાપ્રભુ દ્વારા રચિત **"શ્રીમદાચાર્ય સકલાવતાર સામ્ય રૂપ નિરૂપણમ્"** ગ્રંથનો આધાર લઈને **"શ્રીવલ્લભ અને અવતાર સામ્ય"** પુસ્તકનું સુંદર સંકલન પુષ્ટિ સંપ્રદાયના વૈષ્ણવ ભગવદીયજનોના હીતાર્થે, પરમ ભગવદીય ડો. શ્રી પિયુષભાઈ પરીખ-ભરૂચ દ્વારા પ્રકાશિત કરવામાં આવી રહેલ છે, આ જાણીને પ્રસન્નતા થાય છે.

પ્રસ્તુત પુસ્તકમાં શ્રીમદ્ ભાગવતજીમાં વર્ણિત પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા શ્રી..પ્રભુના કૃષ્ણ રૂપ ચોવીસ અવતારોની સામ્યતા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના સ્વરૂપ સાથે સરળ અને સુંદર ભાષામાં પ્રસ્તુત કરવામાં આવી છે, જે આ પુસ્તકની એક વિશેષ વિશિષ્ટતા છે. ડો. શ્રી પિયુષભાઈ પરીખનું આ લેખનકાર્ય પ્રશાંસાને પાત્ર છે.

આશા છે ભગવદિય વૈષ્ણવજન પ્રસ્તુત પુસ્તક "શ્રીવલ્લભ અને અવતાર સામ્ય"નું મનન-વાંચન કરી શ્રીવલ્લભની પરમ કૃપાનો રસાસ્વાદ ગ્રહણ કરવા સક્ષમ બની પોતાના જીવનને ધન્ય બનાવે એ જ સર્વેને મંગલકામના.

શ્રીવલ્લભના પરમ અનુગ્રહથી ડો. શ્રી પિયુષભાઈ પરીખ તેમના જીવનકાર્યની સાથે સંપ્રદાયની સેવા કરવામાં સ્વસ્થ રહી અગ્રસર રહે એ જ શુભાશીર્વાદ.

શુભાકાંક્ષી

(તૃ. પી. ગોસ્વામી શ્રી વ્રજેશકુમારજી મહારાજ)
કાંકરોલી

पैलेस
श्री द्वारकाधीश मंदिर
कांकरोली - 313 324
फोन : 02952-230001, 230256
फेक्स : 02952-231100

श्री राजाधिराज मंदिर
राजाधिराज मार्ग,
मथुरा - 281 001.
फोन : 0565-2406372

श्री बैठक मंदिर
द्वारकेशबाग,
बडौदा - 390 001
फोन : 0265-2431461

श्री द्वारकाधीश मंदिर
बउआकी पोल, रायपुर चकला,
अहमदाबाद - 380 001
फोन : 079-22141537

વૈષ્ણવ પરિવારોનું આત્મીય સ્વજન
વૈષ્ણવ પરિવાર
A Gujarati Monthly RNI No. 38428/83

બાળકોનું પ્રિય માસિક
બાલપુષ્ટિ
A Gujarati Monthly For Children RNI No. 54910/92

વસંતબેન ર. પરીખ
તંત્રી : 'વૈષ્ણવ પરિવાર' અને 'બાલપુષ્ટિ'

૩૧, શિવ સોસાયટી વિભાગ-૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા - ૩૮૪ ૦૦૨ ફોન : (૦૨૭૬૨) ૨૫૧૨૯૮ Email : shpct@hotmail.com

પ. ભ. શ્રી પીયૂષભાઈ પરીખ,

સાદર જયશ્રીકૃષ્ણ.

આપના તરફથી ફોન દ્વારા માહિતી મળતાં આનંદ થયો કે શ્રીહરિરાયજીકૃત 'શ્રીમહાપ્રભુ સકલાવતાર સામ્યં નિરૂપણમ્' ગ્રંથ વિશે મીમાંસારૂપે 'શ્રીવલ્લભ અને અવતાર સામ્ય' નામે આપનું પુસ્તક પ્રકાશિત થવા જઈ રહ્યું છે. શ્રીહરિરાય મહાપ્રભુએ આ ગ્રંથમાં શ્રીપ્રભુએ વરાહથી લઈ કલ્કિ સુધીના ૨૪ અવતારોમાં કરેલાં કાર્યો સાથે શ્રીવલ્લભે એક જ અવતારમાં કરેલાં કાર્યો સરખાવીને શ્રીવલ્લભનું માહાત્મ્ય પ્રગટ કર્યું છે.

સંસ્કૃતમાં રચાયેલા આ ગ્રંથની આપના દ્વારા લખાયેલ ગુજરાતી મીમાંસા વૈષ્ણવોને સરળતાથી આ બાબત સમજાવશે. શ્રીવલ્લભનું માહાત્મ્ય જાણી વૈષ્ણવોના હૃદયમાં તેમને માટે 'સર્વતોધિક સુદૃઢ પ્રેમ' સ્થાપિત થાય, તેવી અભ્યર્થના સાથે અને આપના દ્વારા શ્રીહરિરાયજી મહાપ્રભુ રચિત સ્તોત્રો વિશે આવા પ્રકારનાં વધુને વધુ પુસ્તકો પ્રકાશિત થતાં રહે તેવી શુભેચ્છા સાથે વિરમું છું.

આપની કુશળતાની કામના સહિત -

ભવદીયા,
વસંતબેન ર. પરીખ
(વસંતબેન ર. પરીખ)

ભાવ સ્પંદન

પ.ભ. શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજી (નડિયાદ) લિખિત 'પુષ્ટિ પુલિન' ગ્રંથના દર્શન કર્યા. તેમાં અંતે શ્રીહરિરાયજી મહાપ્રભુ પ્રગટિત એક ગ્રંથ પર ધ્યાન ખેંચાયું. આ ગ્રંથનું નામ 'શ્રીમદ્ આચાર્ય સકલાવતાર સામ્યરૂપ નિરૂપણમ્' છે.

શ્રીકૃષ્ણના સર્વ અવતારોમાં શ્રીવલ્લભ અવતારોનું દર્શન કરાવતો આ ગ્રંથ હૃદયને સ્પર્શી ગયો. શ્રીહરિરાયજી મહાપ્રભુમાં રહેલા ધર્મી શ્રીવલ્લભ માટેની નિષ્ઠાને હું નિહારતો રહ્યો.

'શ્રીસર્વોત્તમજી' પર મારા ગુરુ નિ.લી. પૂ.પા. કાંકરોલી નરેશ ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રીનું પુસ્તક વહારે ધાયું. તે દ્વારા મારા પર અનુગ્રહની વર્ષા થઈ અને શ્રીહરિરાયજી મહાપ્રભુજીથી પ્રેરાયેલા મેં આપશ્રીના આ ગ્રંથ પર લખવાની બાલબુદ્ધિથી ચેષ્ટા કરી.

આ ચેષ્ટા અનઅધિકાર પણ હોઈ શકે છે. શ્રીકૃષ્ણચંદ્ર, તદ્‌રૂપ શ્રીમહાપ્રભુજી અને તદ્‌વંશજ શ્રીહરિરાય મહાપ્રભુ પાસે તે માટે ક્ષમા પ્રાર્થું છું. મારા દ્વારા થયેલ લેખનની અધુરપને મધુરપથી મિષ્ટ અને શિષ્ટ કરવા વિનંતી કરું છું.

મારા દ્વારા થયેલ આ લેખનમાં સૃષ્ટિ પૂર્વના બે પુરુષ અને બ્રહ્માના અવતારનું સામ્ય પણ વિચારાયું છે.

સમસ્ત શ્રીવલ્લભકુલને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ
સમસ્ત વૈષ્ણવ સમાજને ભગવદ્ સ્મરણ

|| વિજયતે શ્રી દ્વારકેશ પ્રભુ ||

સ્નેહ સંવેદન

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ભરૂચ શાખાના અગ્રણીય, ભાગવત પરિવાર ભરૂચના પ.ભ. ડૉ. પીયૂષભાઈ પરીખના હસ્તે શ્રી ગુસાંઈજીની પંચ શતાબ્દી વર્ષના ઉપલક્ષમાં શ્રી હરિરાય ચરણો રચિત ''શ્રીમદાચાર્ય સકલાવતાર સામ્યરૂપ નિરૂપણમ્'' ગ્રંથના આધારે ''શ્રીવલ્લભ અને અવતાર સામ્ય'' પુસ્તક સ્વરૂપે પ્રગટ થઈ રહ્યું છે જેમાં શ્રીમદ્ ભાગવતમાં શ્રી પ્રભુએ ચોવીસ અવતાર લઈ એક એક કાર્ય કર્યું છે તે શ્રીવલ્લભે એક સાથે પૃથ્વી પર પોતાના અવતાર સમયમાં કર્યા છે. તેને આ પુસ્તકમાં વર્ણવ્યા છે.

ડૉ. પીયૂષભાઈ ખૂબ જ વ્યસ્ત હોવા છતાં સત્સંગમાં શ્રીમદ્ ભાગવતજી, પુષ્ટિમાર્ગના ઉત્સવોની ભાવના, શ્રીવલ્લભના સિદ્ધાંતો ખૂબ જ સરળ રીતે સમજાવે છે. આ કાર્ય એમના દ્વારા સદાયે શ્રી વલ્લભ પ્રભુ કરાવે.

આમારી લાડકવાયી દીકરી ચિ. વૈશાલીના અકાળ દેહાવસાનથી અમે વ્યથિત હતાં. શ્રી મહાપ્રભુજીની વિવેક એ છે કે, ''હરિ નિજેચ્છાથી સર્વ કાંઈ કરે છે .''તે આજ્ઞાથી આ આધિભૌતિક દુ:ખને જીરવવાની નમ્ર કોશિશ કરીએ છીએ.

આ નામ સેવાના માધ્યમથી ચિ. વૈશાલીના આત્માને સતત સાન્નિધ્ય શ્રીજીબાવાનું રહે તે જ શ્રી વલ્લભને વિનંતી.

અસ્તુ.

શ્રીમતી જ્યોત્સના જી. શાહ
ગોપલદાસ બી. શાહ
ના ભગવદ્ સ્મરણ

આભાર દર્શન

શ્રીહરિરાય મહાપ્રભુ વિરચિત 'શ્રીમદાચાર્ય સકલાવતાર સામ્યરૂપ નિરૂપણમ્' ગ્રંથનો અનુવાદ. ગો.વા. શ્રી કાશીરામ કરશનજી શાસ્ત્રી - માંગરોલે કર્યો છે.

શ્રીહરિરાયવાંગમુક્તાવલી ભાગ-૨માંથી સાભાર - ઉદ્ધત કરી પ.પૂ. ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રી (વડોદરા) દ્વારા પોષિત શ્રીવલ્લભ-વિઠ્ઠલ ગ્રંથ પ્રકાશન મંડળ ટ્રસ્ટ, વડોદરા દ્વારા પ્રકાશિત થયો છે.

આ સર્વે મહાનુભાવોનો અંતઃકરણપૂર્વક આભારી છું.

શ્રી ભાગવત સત્સંગ મંડળ (ભરૂચ)ના સત્સંગી પ.ભ. શ્રી ગોપાલભાઈ શાહ તથા પ.ભ. જ્યોત્સનાબેન શાહ શ્રીકૃષ્ણ સેવા અને શ્રીકૃષ્ણ કથાના રંગથી રંગાયેલાં છે. આથી જ તેમની એક માત્ર વ્હાલસોયી પુત્રીના અકાળ અવસાનને હરિ સર્વ નિજેચ્છાથી કરે છે તે વિવેક સમજી દારૂણ દુઃખ સહન કરી ધૈર્યને ચરિતાર્થ કરતાં શ્રીવલ્લભના આશ્રયથી દૃઢ બની વૈષ્ણવી જીવન જીવી રહ્યા છે.

આ પુસ્તક પ્રકાશનમાં તેમની દ્રવ્ય સેવા છે તેમનો આભારી છું.

ભાઈ રાકેશ મસાણીમાં સંપ્રદાય સેવાની ભાવના તેના ગો.વા. પિતા શ્રી રોહિતકુમાર મસાણી દ્વારા સ્થાપિત છે. ખૂબ સુંદર રીતે આ પુસ્તકની પ્રીન્ટીંગ વગેરે સેવા તેણે નિભાવી છે. આભારી છું.

મારા દ્વારા લખાયેલા પુસ્તકોની વિતરણ સેવા પ.ભ. રૂણા રાજેન્દ્રભાઈ મહેતા સુચારુરૂપથી નિભાવે છે. તેમનો પણ આભારી છું.

પરિષદની ભરૂચ શાખા અને શ્રીગોવર્ધનનાથજીની હવેલીના ટ્રસ્ટીઓ તથા સેવકો મારી નામ સેવામાં સદાય સહાયભૂત રહે છે તેમનો પણ આભાર.

ભાગવત સત્સંગ મંડળ (ભરૂચ)ના વૈષ્ણવો મને સદાય પ્રેરતા રહ્યા છે. તેમનો આભાર.

સમગ્ર લેખન દરમ્યાન જરૂરી પુષ્ટિ સાહિત્યને લાવી મને મદદરૂપ થનાર સૌ. વર્ષાનો આભારી છું.

ઋણ સ્વીકાર

પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી (તૃતિય ગદ્દાધીશ) અને પ.પૂ. ગો. રશ્મિકાવહુજીશ્રીએ અનુગ્રહ કરી મારા દ્વારા લખાયેલ આ લેખનનું સંપૂર્ણ શ્રવણ કરી આ લેખનને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવાની આજ્ઞા કરી. હું શ્રીયુગલ સ્વરૂપનો ઋણી છું.

- ડૉ. પીયૂષના સાષ્ટાંગ દંડવત્

સમગ્ર વૈષ્ણવ સમાજ શ્રીગુસાંઈજીની પંચ શતાબ્દી ઉજવવા પ્રયત્નશીલ છે ત્યારે મારું આ પુસ્તક 'પિતૃવંશો દધિ વિદ્યુ:' શ્રીગુસાંઈજી મહારાજના ચરણકમલોમાં અર્પિત કરું છું.

અવતાર સામ્ય માટે શ્રીહરિરાયજી મહાપ્રભુએ કરેલા સર્વોત્તમજીના નામોનો નિર્દેશ :

	અવતાર	**સર્વોત્તમજી નામ**
(૧)	**સનકાદિ**	(૪૨) તત્સારભૂતરાસસ્ત્રીભાવ પુરિત વિગ્રહઃ (૮૦) રહઃપ્રિય (૬૬) પતિવ્રતા પતિઃ
(૨)	**વરાહ**	(૩૪) રોષદક્પાત સમ્લુષ્ટભક્ત દ્વિડ્
(૩)	**નારદ**	(૪૯) ભક્ત્યાચારોપદેષ્ટા, (૪૯) કર્મમાર્ગ પ્રવર્તકઃ (૯૪) યજ્ઞકર્તા (૯૩) યજ્ઞભોક્તા
(૪)	**નારાયણ**	(૭૭) વ્રજપ્રિયઃ
(૫)	**કપિલ**	તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શકઃ
(૬)	**દત્તાત્રેય**	(૫૭) ભક્ત્યાચારો પદેશાર્થ નાનાવાક્ય નિરુપકઃ (૭૩) શ્રીકૃષ્ણહાર્દવિત્
(૭)	**સુયજ્ઞ**	(૬૨) ભૂવિ ભક્તિ પ્રચારૈકકૃતેસ્વાન્વયકૃત્
(૮)	**ઋષભદેવ**	(૮૨) સર્વાજ્ઞાતલીલઃ (૬૪) સ્વવંશેસ્થાપિતાશેષ સ્વમાહાત્મયઃ
(૯)	**પૃથુ**	(૮૧) ભક્તેચ્છાપૂરકઃ (૯૭) લીલામૃતરસાદ્રાદિ કૃતાખિલશરીરભૃત્
(૧૦)	**મત્સ્ય**	(૭) શ્રી ભાગવત ગુઢાર્થ પ્રકાશનપરાયણઃ
(૧૧)	**કમઠ (કૂર્મ)**	(૯) વેદપારગઃ
(૧૨)	**ધન્વન્તરિ**	(૬) સ્મૃતિમાત્રાર્તિનાશનઃ

(૧૩)	**મોહિની**	(૫૩) વાક્પતિઃ
(૧૪)	**નૃસિંહ**	(૩૯) ઉગ્રપ્રતાપઃ
(૧૫)	**વામન**	(૧૨) ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ (૮) સાકારબ્રહ્મવાદૈક સ્થાપકઃ (૯૯) સ્વકીર્તિવર્ધનઃ (૧૦૬) ભૂવિભાગ્યઃ
(૧૬)	**પરશુરામ**	(૧૦૧) માયાવાદખ્યતૂલાગ્નિઃ, (૧૧) સર્વવાદિનિરાસકૃત્
(૧૭)	**વેદવ્યાસ**	(૭૨) પૃથક્શરણમાર્ગોપદેષ્ટઃ, (૭૯) પુષ્ટિલીલાકર્તા
(૧૮)	**શ્રીરામ**	(૪૧) શ્રીભાગવતપીયૂષ સમુદ્રમથનક્ષમઃ
(૧૯)	**શ્રીકૃષ્ણ**	(૮૯) પરાયઃ (૫) દૈવોદ્ધાર પ્રયત્નાત્મા
(૨૦)	**શ્રીહલધર**	(૧) આનંદઃ (૨) પરમાનન્દઃ (૫૧) પૂર્ણાનંદઃ (૩૦) સ્વાનંદતુંદિલઃ (૨૫) જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃત્
(૨૧)	**શ્રીબુદ્ધ**	(૨૦) પ્રાકૃતાનુકૃતિવ્યાજ મોહિતાસુર માનુષઃ
(૨૨)	**કલ્કિ**	(૭૯) પુષ્ટિલીલાકર્તા (૨૪) હિતકૃત્ સતાં

શ્રીહરિરાય મહાપ્રભુનું આર્ષ દર્શન :

- શ્રી ભાગવતમાં ચોવીસ અવતારો દર્શાવ્યા છે.
- પ્રથમ બે અવતાર સૃષ્ટિ સર્જન પહેલાંના છે. શ્રીહરિરાયજી મહાપ્રભુએ તે અહીં ગણાવ્યા નથી.
- શ્રી ભાગવતમાં સૃષ્ટિ સર્જન અવતાર પછી પ્રથમ અવતાર સનતકુમારો અને દ્વિતીય અવતાર વરાહનો કહ્યો છે.

  શ્રીહરિરાયજી મહાપ્રભુજી પ્રથમ અવતાર વરાહ અને બીજો સનતકુમારનો દર્શાવ્યો છે.
- શ્રી ભાગવતમાં શ્રીબલરામ અને કૃષ્ણ ક્રમ અવતારમાં છે.

  શ્રીહરિરાયજી મહાપ્રભુએ શ્રીકૃષ્ણ અને હલધર ક્રમ બતાવ્યો છે.
- શ્રી ભાગવતમાં ચોવીસ અવતારોમાં હયગ્રીવ અને હંસને ગણ્યા નથી.

  શ્રીહરિરાયજી મહાપ્રભુ હયગ્રીવ અને હંસને ગણાવી છેલ્લે કલ્કિને દર્શાવે છે.

શ્રીહરિરાય મહાપ્રભુજી વિરચિત શ્રીમદાચાર્ય સકલાવતાર સામ્યરૂપ નિરૂપણમ ગ્રંથ વિષે :

આ ગ્રંથમાં ૬૯ શ્લોકો છે.

- પ્રથમ ત્રણ શ્લોકમાં વરાહ સામ્ય છે.
- ચાર, પાંચ અને છ શ્લોકમાં સનકાદિ સામ્ય છે.
- સાત, આઠ અને નવ શ્લોકમાં નારદ સામ્ય છે.
- દસ અને અગીયાર શ્લોકમાં નારાયણ સામ્ય છે.
- બાર, તેર અને ચૌદ શ્લોકમાં કપિલ સામ્ય છે.
- પંદર, સોળ અને સત્તર શ્લોકમાં દત્ત સામ્ય છે.

- અરાઢ અને ઓગણીસ શ્લોકમાં યજ્ઞાવતાર સામ્ય છે.
- વીસ અને એકવીસ શ્લોકમાં ઋષભદેવ સામ્ય છે.
- બાવીસ થી ચોવીસ શ્લોકમાં પૃથુ સામ્ય છે.
- પચ્ચીસ અને છવ્વીસ શ્લોકમાં મત્સ્ય સામ્ય છે.
- સત્તાવીશ થી એકત્રીસ શ્લોકમાં કમઠ (કૂર્મ) સામ્ય છે.
- બત્રીસમાં શ્લોકમાં ધન્વન્તરી સામ્ય છે.
- તેંત્રીસ થી આડત્રીસ શ્લોકમાં મોહિની સામ્ય છે.
- ઓગણચાલીસમો શ્લોક ગદ્યમાં છે તેમાં નૃસિંહ સામ્ય છે.
- ચાલીસમો શ્લોક ગદ્યમાં છે તેમાં વામન સામ્ય છે.
- એકતાલીસ અને બેંતાલીસ શ્લોકમાં પરશુરામ સામ્ય છે.
- તેંતાલીસ થી છેંતાલીસ શ્લોકમાં વેદવ્યાસ સામ્ય છે.
- સુડતાલીસ થી ઓગણપચાસ શ્લોકમાં દાશરથિરામ સામ્ય છે.
- પચાસમો શ્લોક ગદ્યમાં છે તેમાં શ્રીકૃષ્ણ સામ્ય છે.
- એકાવન થી પંચાવન શ્લોકમાં હલધર સામ્ય છે.
- છપ્પનમો શ્લોક ગદ્યમાં છે તેમાં બુદ્ધ સામ્ય છે.
- સત્તાવનમાં શ્લોકમાં હયગ્રીવ સામ્ય છે.
- અઠ્ઠાવન અને ઓગણસાઈઠ શ્લોકમાં હંસ સામ્ય છે.
- સાઈઠ થી ત્રેસઠ શ્લોકમાં કલ્કિ સામ્ય છે.
- ચોસઠ થી છાંસઠ શ્લોકમાં વૈષ્ણવોને શીખ છે.
- અડષઠ થી ઓગણોસીત્તર શ્લોકમાં ગ્રંથનું ફલ છે.

અનુક્રમણિકા

વિગત **પેજ નં.**

અવતાર ૧૫
શ્રી સુબોધિનીજીમાં અવતાર વ્યાખ્યા ૧૬
આવેશ અવતારો ૧૭
અવતારનું પ્રયોજન ૧૭
    અર્જુનની દષ્ટિમાં અવતાર પ્રયોજન ૧૮
    કુંતાજીના મતે કૃષ્ણ આવતારનું પ્રયોજન ૧૮
અવતાર કોણ લઈ શકે ? ૧૯
અવતારો કેટલાં ? ૧૯
સૃષ્ટિ સર્જન પૂર્વે બે અવતારો ૨૧

સૃષ્ટિ સર્જન પછીના બાવીસ અવતારો અને શ્રીવલ્લભ સામ્ય

૧. સનતકુમારો ૨૫
    શ્રીમહાપ્રભુજીમાં સનત્કુમાર સામ્ય ૨૫
૨. શ્રી વરાહ ૨૬
    શ્રીમહાપ્રભુજીમાં વરાહ સામ્ય ૨૬
૩. શ્રી નારદ ૨૭
    શ્રીમહાપ્રભુજીમાં શ્રીનારદ સામ્ય ૨૭
૪. શ્રીનારાયણ ૨૮
    શ્રીમહાપ્રભુજીમાં શ્રીનારાયણ સામ્ય ૨૮
૫. શ્રી કપિલદેવ ૨૯
    શ્રીમહાપ્રભુજીમાં શ્રીકપિલ સામ્ય ૩૦
૬. દત્તાત્રેય ૩૦
    શ્રી મહાપ્રભુજીમાં શ્રીદત્તાત્રેય સામ્ય ૩૦
૭. શ્રી સુયજ્ઞ ૩૧
    શ્રીમહાપ્રભુજીમાં શ્રીસુયજ્ઞ સામ્ય ૩૨
૮. શ્રીઋષભદેવ ૩૨
    શ્રી મહાપ્રભુજીમાં શ્રીઋષભદેવ સામ્ય ૩૩

૯. પૃથુરાજા ૩૩
શ્રીમહાપ્રભુમાં પૃથુ સામ્ય ૩૪
૧૦. શ્રીમસ્ત્ય ૩૪
શ્રીમહાપ્રભુજીમાં શ્રીમત્સ્ય સામ્ય ૩૫
૧૧. કૂર્મ ૩૫
શ્રીમહાપ્રભુમાં શ્રીકૂર્મ સામ્ય ૩૬
૧૨. શ્રી ધન્વન્તરી ૩૬
શ્રીમહાપ્રભજીમાં શ્રીધન્વન્તરી સામ્ય ૩૭
૧૩. શ્રીમોહિની ૩૮
શ્રીમહાપ્રભુજીમાં મોહિની સામ્ય ૩૮
૧૪. શ્રી નૃસિંહ ૩૮
શ્રીમહાપ્રભુજીમાં શ્રીનૃસિંહ સામ્ય ૩૯
૧૫. શ્રીવામન ૩૯
શ્રીમહાપ્રભુજીમાં શ્રીવામન સામ્ય ૪૦
૧૬. શ્રીપરશુરામ ૪૧
શ્રીમહાપ્રભુમાં શ્રીપરશુરામ સામ્ય ૪૧
૧૭. શ્રીવ્યાસજી ૪૧
શ્રીમહાપ્રભુજીમાં શ્રી વ્યાસજી સામ્ય ૪૨
૧૮. શ્રી રામ ૪૨
શ્રીમહાપ્રભુજીમાં શ્રી રામ સામ્ય ૪૩
૧૯. શ્રી બલરામજી અને (૨૦) શ્રીકૃષ્ણ ૪૩
શ્રીમહાપ્રભુજીમાં શ્રીબલરામ - શ્રીકૃષ્ણ સામ્ય ૪૪
૨૧. શ્રી બુદ્ધ ૪૫
શ્રીમહાપ્રભુજીમાં શ્રીબુદ્ધ સામ્ય ૪૬
૨૨. કલ્કી ૪૬
શ્રીમહાપ્રભુજીમાં શ્રીકલ્કી સામ્ય ૪૬
● શ્રી હયગ્રીવ ૪૭
શ્રીમહાપ્રભુમાં શ્રીહયગ્રીવ સામ્ય ૪૭
● શ્રીહંસ ૪૭
શ્રીમહાપ્રભુજીમાં શ્રીહંસ સામ્ય ૪૭

શ્રીવલ્લભ અને અવતાર સામ્ય

સનાતન હિંદુ ધર્મે અવતાર વાદનું અસ્તિત્વ સ્વીકાર્યું છે. શ્રીગીતા અને શ્રીભાગવત ઈત્યાદિ પુરાણ ગ્રંથોમાં કૃષ્ણાવતારની કથાઓ છે.

અવતાર એટલે શું ? સાર્થ ગુજરાતી જોડણી કોશ પ્રમાણે અવતાર એટલે નીચે ઉતરવું તે. ઉત્પત્તિ અર્થાત્ જન્મ કે દેહ ધારણ કરવો તે.

પૃથ્વી પર દેવ કે ઈશ્વરનું અવતરવું કે દેહ ધારણ કરવો એટલે અવતાર.

અવતાર કોઈ વિશિષ્ટ કાર્ય માટે થાય છે.

અવતાર : શ્રી મહાપ્રભુજી શ્રી ભાગવતાર્થ પ્રકરણમાં સમજાવે છે કે ભગવાનનો આવેશ પણ થાય છે અને ભગવાનનો અવતાર પણ થાય છે. આ બંનેમાં ભગવાનનો આવિર્ભાવ જ છે.

ભગવાનનો આવિર્ભાવ સત્ત્વવાળા શરીરમાં જ થાય છે. સત્ત્વના શુદ્ધ અને અશુદ્ધ એમ બે ભેદ છે.

અશુદ્ધ સત્ત્વ : સત્ત્વ સાથે રજસ્ વગેરે ગુણો ભળે છે.

શુદ્ધ સત્ત્વ : સદાય માત્ર જ સત્ત્વવાળા છે.

આવેશ : અશુદ્ધ સત્ત્વવાળા દેહમાં જ્યારે સત્ત્વગુણ જ પ્રકટ્યો હોય અને તેમાં થતો ભગવાનનો આવિર્ભાવ તે આવેશ છે.

લોખંડના ગોળામાં અગ્નિના પ્રવેશની જેમ આ આવેશ છે. અગ્નિ પ્રવેશીને જેટલો સમય રહે તેટલો સમય લોખંડનો ગોળો અગ્નિ જ લાગે છે. અગ્નિ ન પ્રવેશે ત્યાં સુધી તે લોખંડનો ગોળો જ છે. આમ લોખંડના ગોળામાં અગ્નિનો આવેશ છે.

દા. ત. નારદજી આવેશ છે.

અવતાર : શુદ્ધ સત્ત્વ જ માત્ર રહેતું હોય તેવા દેહમાં ભગવાનનો આવિર્ભાવ અવતાર કહેવાય છે.

એક રાજા તેની રાજધાનીના તેના મહેલમાં પણ રહે છે. ફરતાં ફરતાં કોઈક સ્થળે જાય અને ત્યાં રહેવા માટેના મકાનમાં પણ રહે છે. આ બંને પ્રકારનાં

રહેઠાણો મહારાજ જ્યાં સુધી તેમાં રહે ત્યાં સુધી તે મહારાજનાં જ ઘરો ગણાય છે.

આવેશવાળામાં જ્યાં સુધી ભગવદ્‌આવેશ હોય ત્યારે અવતાર અને આવેશમાં ભેદ રહેતો નથી. બંનેમાં એક બીજાથી કોઈ વિશેષતા નથી તેથી આવેશ અવતાર સમાન ગણ્યા છે.

શ્રી સુબોધિનીજીમાં અવતાર વ્યાખ્યા :

શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે, ‘‘અવતરણમવતાર: વ્યાપિવૈકુણ્ઠાદ્ ભગવત: પ્રપંચે સમાગનમ્ ।’’.

અવતરવું તે અવતાર. વ્યાપિવૈકુંઠમાંથી પ્રભુનું પ્રપંચ (જગત)માં આગમન.

ભગવાન ભક્તોનાં દુ:ખ દૂર કરવા પધારે છે. દુ:ખ બે પ્રકારનાં છે. બહારનાં અને અંદરના. ભગવાનની શક્તિઓ અસંખ્ય અને અચિન્ત્ય છે. તેમાં મુખ્ય બે શક્તિઓ છે - (૧) જ્ઞાન શક્તિ, (૨) ક્રિયા શક્તિ. આથી ભગવાન બે પ્રકારના અવતારો ધારણ કરે છે.

બહારનું દુ:ખ દૂર કરવા ક્રિયા શક્તિવાળા અવતારો ધારણ કરે છે. વરાહ, કૂર્મ, નૃસિંહ વગેરે.

અંદરનું દુ:ખ દૂર કરવા જ્ઞાન શક્તિવાળા અવતારો ધારણ કરે છે. દત્તાત્રેય, વ્યાસજી, કપિલજી વગેરે.

ક્રિયા શક્તિવાળા અવતારો ક્રિયાથી અને જ્ઞાન શક્તિવાળા અવતારો જ્ઞાનથી ભક્તોનો ઉદ્ધાર કરે છે.

આ અવતારો સત્ત્વગુણવાળા દેહમાં રહેતાં હોઈ સગુણ છે. માત્ર શ્રીકૃષ્ણ જ નિર્ગુણ-ગુણથી પર છે.

શ્રી મહાપ્રભુજી શ્રી ભાગવતાર્થ પ્રકરણમાં ભગવાનના અવતારોની ગણના કરાવે છે.

મત્સ્ય, કૂર્મ, વરાહ, સિંહ, વામન, પરશુરામ.

મન્વન્તરમાં થયેલ અવતારો : વ્યાસ, બુદ્ધ અને રાઘવ, કપિલ, દત્તાત્રેય, ઋષભદેવ, શિશુમાર, રુચિના પુત્ર (યજ્ઞ), નારાયણ, હરિ, શ્રીકૃષ્ણ, તાપસ,

મનુ, મહિદાસ, હંસ, સ્ત્રીરૂપ (મોહિની), હયશીર્ષ (હયગ્રીવ), વડવામુખ, કલ્કી, ધન્વનતરી, પ્રભુ.

આ બધા શુદ્ધ સત્ત્વવાળા અવતાર છે.

આવેશ અવતારો આ પ્રમાણે છે :

લક્ષ્મણજી, બ્રહ્મા, રુદ્ર, શેષજી, ગરુડજી, ઈન્દ્ર, કામદેવ, અનિરૂદ્ધ, સૂર્ય, ચંદ્ર, બૃહસ્પતિ, ધર્મ, તેમની સ્ત્રીઓ, દક્ષ વગેરે મનુઓ, મનુ પુત્રો, ઋષિઓ, નારદજી, પર્વત, કશ્યપ, સનકાદિ, અગ્નિ વગેરે દેવતા, ભરત, કાર્તવીર્ય, વૈન્ય વગેરે ચક્રવર્તીઓ, ગય, લક્ષ્મણ વગેરે ત્રણ, રોહિણી નંદન, રુક્મણિ પુત્ર પ્રદ્યુમન, તેમનો પુત્ર અનિરૂદ્ધ, નર ફાલ્ગુન વગેરે આવેશવાળા છે.

અહીં શ્રી મહાપ્રભુજી ભાગવતમાં ન ગણાવેલા આવેશો પણ ગણાવે છે. તે બધાનો ઉલ્લેખ નારદજી કૃત પંચરાત્ર વગેરે શાસ્ત્રોમાં છે.

અહીં કામ અને અનિરૂદ્ધનું વર્ણન બે વાર છે. અર્થાત્ તેમાં ભગવાનનો વિશેષ આવેશ છે.

કૃષ્ણને અવતાર પણ કહ્યા છે. શ્રી મહાપ્રભુજી દર્શાવે છે કે જ્ઞાન શક્તિ અને ક્રિયા શક્તિ એમ ઉભય શક્તિવાળા શ્રીકૃષ્ણ પોતે ભગવાન જ છે.

અવતારનું પ્રયોજન :

શ્રી ગીતાજીના ચોથા અધ્યાયમાં શ્રીકૃષ્ણ અવતાર પ્રયોજન આપે છે -

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ।।
પવિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।
ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ।।

ધર્મને હાનિ થાય, અધર્મનું જોર વધે, સત્પુરુષોનું રક્ષણ કરવાનું હોય, દુષ્ટોનો વિનાશ કરવાનો હોય અને ધર્મની સ્થાપના કરવાની હોય ત્યારે દરેક યુગમાં ભગવાન અવતાર લઈ પ્રગટ થાય છે.

સૂતજી કહે છે, ‘‘ઈન્દ્રારિ વ્યાકુલ લોકં મૃડયન્તિ યુગે યુગે’’.

ઈન્દ્રના અરિ (દુશ્મન) દૈત્યો (દાનવો) છે. તે લોકોને રંજાડે છે. આથી

લોક વ્યાકુલ બને છે. આવા દુઃખી જનોને સુખ આપવા પ્રત્યેક યુગમાં ભગવાન અવતાર લે છે.

અર્જુનની દૃષ્ટિમાં અવતાર પ્રયોજન :

ભગાવનનો અવતાર પૃથ્વીનો ભાર ઓછો કરવાની ઈચ્છાથી અને અનન્ય ભાવવાળા ભક્તો આપનું નિરંતર સ્મરણ અને ધ્યાન કરી શકે તે માટે છે.

કુંતાજીના મતે કૃષ્ણ આવતારનું પ્રયોજન :

કુંતાજી કહે છે, ‘‘તથા પરમ હંસાનાં મુનીનામમલાત્મનામ્ | ભક્તિયોગ વિધાનાર્થં...

મલયાચલ પર્વત છે. તેની કીર્તિના વિસ્તાર માટે તેમાં ચંદન પ્રકટ થાય છે. આ રીતે ભક્ત યદુરાજાની કીર્તિના વિસ્તાર માટે યદુવંશમાં પ્રકટ્યા.

વસુદેવ અને દેવકીએ પૂર્વજન્મમાં વરદાન પ્રાપ્ત કરેલું. તેથી તેમનાં પુત્ર બની જન્મ્યાં. દૈત્ય નાશ અને જગત કલ્યાણ કર્યું.

પૃથ્વી પર દૈત્યોનો અત્યંત ભાર હતો. સમુદ્રમાં ડૂબતા જહાજની જેમ તે ડગમગાતી હતી. તેનો ભાર ઉતારવા આપ પ્રકટ થયા.

આ સંસારમાં લોકો અજ્ઞાન, કામના અને કર્મોના બંધનમાં જકડાયા હતા. આવા પિડીતોના શ્રવણ અને સ્મરણ કરવા યોગ્ય લીલા કરવાના વિચારે આપે અવતાર ગ્રહણ કર્યો છે.

કૃષ્ણ ગોવિંદ છે આથી તેમનો અવતાર ગાય, બ્રાહ્મણ અને દેવતાઓના દુઃખ મટાડવા છે.

ભગવાન પરમહંસોને ભક્તિયોગ દેવા અવતાર લઈ પ્રગટે છે. જે દેહ વગેરેના વિવિક જાણે તે ‘હંસ’ કહેવાય છે. જે કેવળ આત્માને જોનાર છે તે ‘પરમહંસ’ શુદ્ધ અંતઃકરણવાળા હોય છે. મનનશીલ હોય છે.

શૌનકાદિ ઋષિઓ કહે છે, ‘‘યસ્યાવતારો ભૂતાનાં ક્ષેમાય ચ ભવાય ચ’’

ભગવાનનો અવતાર પ્રાણીઓનાં સર્વ ઐહિક સુખ અને મોક્ષ માટે છે.

અવતાર કોણ લઈ શકે ?

પરમ તત્ત્વ જ અવતાર લઈ શકે છે. આ તત્ત્વ એક જ છે. જુદા જુદા તત્ત્વવેત્તા તેને જુદા જુદા નામથી ઓળખે છે.

‘‘વદન્તિ તત્તત્વવિદસ્તત્વં યજ્જ્ઞાનમદ્વયમ્ ।
બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દ્યતે ।।

એક જ પરમ તત્ત્વ વેદમાં બ્રહ્મ છે. શ્રીગીતામાં પરમાત્મા છે અને શ્રીભાગવતમાં ભગવાન છે. આપણે તેને કૃષ્ણ કહીએ છીએ.

અવતારો કેટલાં ? :

ભગવાનના અસંખ્ય અવતારો છે. અખૂટ જળરાશિવાળા સરોવરમાંથી હજારો નાની નહેરો નીકળે છે. ભગવાનમાંથી પણ આ જ રીતે અવતારો થાય છે.

અર્યમા વગેરે ઋષિઓ છે. સ્વાયંભુ વગેરે મનુઓ છે. વસુ વગેરે દેવો છે. પ્રિયવ્રત વગેરે મનુના પુત્રો છે. મરીચિ વગેરે પ્રજાપતિઓ છે. બીજા પણ ઘણા અતિ પરાક્રમવાળાઓ છે. આ બધા ભગવાનના જ અવતાર છે.

પુરાણોમાં મુખ્ય દશ અવતારો ગણ્યા છે. (૧) મત્સ્ય, (૨) કૂર્મ, (૩) વરાહ, (૪) નૃસિંહ, (૫) વામન, (૬) પરશુરામ, (૭) રામ, (૮) કૃષ્ણ, (૯) બુદ્ધ, (૧૦) કલ્કિ.

શ્રીભાગવત પ્રથમ સ્કંધમાં ચોવીસ અવતારો ગણાવ્યા છે. તે પૈકી પહેલા બે અવતારો (૧) પુરુષ - આદિનારાયણ અને (૨) બ્રહ્માજી છે. સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાના આ બે અવતારો છે.

સૃષ્ટિ સર્જન પછી બાવીસ લીલા અવતારો છે. (૧) સનતકુમારો (૨) વરાહ નારાયણ (૩) દેવર્ષિ નારદજી (૪) નર અને નારાયણ (૫) કપિલજી (૬) દત્તાત્રેયજી (૭) સુયજ્ઞ નારાયણ (૮) ઋષભદેવ (૯) પૃથુ (૧૦) મત્સ્ય નારાયણ (૧૧) કૂર્મ નારાયણ (૧૨) ધન્વન્તરી (૧૩) મોહિની નારાયણ (૧૪) નૃસિંહ (૧૫) વામનજી (૧૬) પરશુરામજી (૧૭) વ્યાસજી (૧૮) રામ (૧૯) બલરામ (૨૦) કૃષ્ણ (૨૧) બુદ્ધ (૨૨) કલ્કિ.

આ ચોવીસ અવતારોમાં પ્રથમ અને મુખ્ય ''પુરુષ'' છે. બાકીના સઘળા અવતારો આ 'પુરુષ'ના અંશ-અંશાશ, આવેશ કે કલારૂપ છે.

અવતારોના ત્રણ ભેદો છે. જ્ઞાનાવતાર, ક્રિયાવતાર અને પૂર્ણાવતાર. કપિલ વગેરે જ્ઞાનાવતાર છે. કૂર્મ વગેરે ક્રિયાવતાર છે. શ્રી રામ અને શ્રીકૃષ્ણ પૂર્ણાવતાર છે.

પરશુરામજી આવેશ અવતાર છે. ઋષભ, મનુ, વસુ વગેરે કલાવતાર છે. મત્સ્ય વગેરે અંશાવતાર છે. નૃસિંહ સ્ફૂર્તિ અવતાર છે. નૃસિંહજી પધાર્યા, કાર્ય કરી વિદ્યુત ત્વરાથી વિદાય થયા છે.

પુરુષ અવતાર શ્રીકૃષ્ણના અંશ રૂપ છે. આથી જ શ્રીકૃષ્ણ ભગવાન છે, પરમ તત્ત્વ છે, પૂર્ણપુરુષોત્તમ છે, અવતારી છે.

અવતારી - જે પરમ તત્ત્વ યુગે યુગે જુદા જુદા અવતાર ધારણ કરે છે તે અવતારી છે. શ્રી ભાગવત આજ્ઞા પ્રમાણે ભગવાન જ અવતારી બની શકે. કૃષ્ણ સ્વયં ભગવાન છે. અવતારી છે. ''કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્''.

શ્રી ભાગવતમાં દશમ સ્કંધમાં દેવાતાઓની સ્તુતિ છે ત્યાં કહે છે કે મત્સ્ય, હયગ્રીવ, કચ્છપ, નૃસિંહ, વરાહ, હંસ, રામ, પરશુરામ અને વામન અવતાર ધારણ કરીને જ ત્રણ લોકને આપ બચાવો છો. હાલમાં પણ પૃથ્વી પર દુષ્ટ રાજાઓનો ભાર થયો છે તેથી આપ અવતાર ધરી પૃથ્વી પર પધારો-

શ્રી સુબોધિનીજીમાં સમજાવે છે કે શ્રીકૃષ્ણ સર્વ અવતારના અવતારી છે. દશાવતારે જે કાર્યો કર્યા તે બધા આ કૃષ્ણે એક અવતારથી કર્યા છે. ભગાવનનાં આ દશ રૂપ જીવના સર્વ પુરુષાર્થને સિદ્ધ કરનારાં છે.

ભગવાને નિંદ્ય એવું મત્સ્યનું શરીર સ્વીકારી સત્યવ્રતની રક્ષા કરી. કૃષ્ણાવતારમાં ગોપાત્મજ પણું સ્વીકારી ભક્ત રક્ષા કરી દુષ્ટદમન કર્યું.

ઐશ્વર્ય વિરૂદ્ધ બ્રાહ્મણનો વેશ લઈ જરાસંઘ પાસે જઈ પ્રાર્થના કરી. દ્વંદયુદ્ધ રૂપ ભીક્ષા માંગી ભીમ દ્વારા માર્યો.

હયગ્રીવ ભગવાન બ્રહ્માજીના નેત્રથી પ્રકટયા. તેમણે અસુરને મારી વેદની રક્ષા કરી. કૃષ્ણાવતારમાં રાજસૂય યજ્ઞમાં બ્રાહ્મણોની સેવા કરી. વેદ વિરૂદ્ધ બોલતાં શિશુપાલને માર્યો.

કચ્છપ ભગવાને મંદરને પીઠ પર ઉઠાવ્યો. તેમાં ખંજવાળનું સુખ ગણ્યું. અમૃતદાન કર્યું. કૃષ્ણાવતારમાં અધરામૃત આપવા ગોવર્ધનને આપે ઉઠાવ્યો.

નૃસિંહજીએ હિરણ્યકશિપુને મારી ભક્ત પ્રહલાદને બચાવ્યો. કૃષ્ણાવતારમાં પાંડવને બચાવવા આસુરાવેશી ભાષ્માદિ તેમજ કંસાદિને માર્યા.

વરાહે હિરણાક્ષ્યને માર્યો. કૃષ્ણાવતારમાં રુક્મિણીના ઉદ્ધાર માટે રુક્મિનો વપન (દાઢી-મૂછ દૂર કર્યા) રૂપ ઘાત કર્યો. દેહઘાત બળદેવજી પાસે કરાવ્યો.

હંસ ભગવાને બ્રહ્માજીને તત્ત્વોપદેશ કર્યો. બ્રહ્માજીનો ખેદ મટાડ્યો. કૃષ્ણાવતારમાં ગુરુવર્યથી વિમુખ થયેલ અર્જુનને તત્ત્વોપદેશ આપી ચિંતા અને વિષાદથી મુક્ત કર્યો.

રામચંદ્રજીએ ડૂબવાનું સાધન તેવા પત્થરોને જળ પર તરાવ્યા. એક ભક્ત (વિભીષણ) માટે અનેક દૈત્યને માર્યા. કૃષ્ણાવતારમાં એકલી પૃથ્વીને સુખી કરવા અનેક દૈત્યાંશોને માર્યા. કંસ અને શિશુપાલ જેવા પત્થર હૃદયોને પણ તાર્યા.

વામનજીએ માતાની પ્રાર્થનાથી પ્રકટ થઈ બ્રહ્માદિથી ન થઈ શકે તેવું ત્રિભુવન હરણનું કાર્ય વાણી માત્રથી કર્યું. કૃષ્ણાવતારમાં વૃકાસુરને મારી (વાણી દ્વારા જ) શિવજીનો બચાવ કર્યો.

બલદેવજીની લીલા તો સાથે છે જ. તેથી દશાવતારમાં કાર્ય પણ આ અવતારી શ્રીકૃષ્ણે કર્યા છે.

નંદદાસજીનું એક બાલલીલાનું પદે છે - છોટો સે કન્હૈયા એક મુરલી મધુર છોટી.

અહીં તેઓ કહે છે - નંદદાસ પ્રભુ છોટે ભેદભાવ મોટે મોટે...

પ્રભુમાં ભેદભાવ કઈ રીતે ? શ્રીસુબોધિનીજી અનુસાર દેવ સ્તુતિમાં કહેલ નવ અવતાર આગળ જોયા - કૃષ્ણાવતાર દશમો છે.

મસ્ત્ય, અશ્વ, કચ્છપ એ ત્રણ જલથી ઉત્પન્ન થયા. નૃસિંહ, વરાહ, હંસ એ વનથી ઉત્પન્ન થયા. રાજન્ય, વિપ્ર, વિબુધ એ લોકમાં ઉત્પન્ન થયા.

અપ્સુ યોનિરશ્વઃ શ્રુતિ પ્રમાણે ઘોડાનો અવતાર હયગ્રીવ જલમાં જન્મેલ છે. વરાહ નાસિકા ઈન્દ્રિયથી ઉત્પન્ન થયાં. નાસિકા બહારના વાયુનું સ્થાન છે આથી આ અવતાર અરણ્યમાં થયો ગણાય.

રાજાનો અવતાર શ્રીરામચંદ્રજી, બ્રાહ્મણ અવતર પરશુરામજી અને દેવ અવતાર વામનજી.

ત્રણ ભેદ કહેવાનું કારણ એમાં ભાવ ભેદ છે. માછલા કરતાં ઘોડો શ્રેષ્ઠ. તેનાથી જ્ઞાનદાતા હંસ શ્રેષ્ઠ. ક્ષત્રિયથી બ્રાહ્મણ ઉત્તમ. તેનાથી દેવ ઉત્તમ. આમ ત્રણ ત્રિકથી દશ ભેદ કહ્યા. રાજસાદિ નિર્ગુણ પર્યંત દશ ભાવ થાય છે.

શ્રીવલ્લભ અને શ્રીકૃષ્ણ :

ભૂતલ ઉપર શ્રીવલ્લભ મુખ્યતઃ શ્રીઆચાર્ય સ્વરૂપે બિરાજ્યા છે. મુલતઃ શ્રીવલ્લભ અને શ્રીકૃષ્ણમાં અભેદ છે. બંને એક જ તત્ત્વ છે. શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે ''વસ્તુતઃ કૃષ્ણ એવ''.

માન સરોવર ઉપર શ્રી આચાર્યજીએ પુરુષોત્તમ સ્વરૂપથી દામોદરદાસને દર્શન આપ્યા છે. શ્રીગુસાંઈજી શ્રીસર્વોત્તમજીમાં આથી જ શ્રીવલ્લબને ''પરઃ'' કહે છે.

શ્રીકૃષ્ણ ભગવાન છે. ભગવાળા છે. ભગ એટલે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય ધર્મોનો સમૂહ. શ્રીકૃષ્ણ છ વિશિષ્ટ ધર્મયુક્ત ધર્મી સ્વરૂપ છે.

શ્રીમહાપ્રભુજી પણ શ્રીકૃષ્ણના એ જ છ ધર્મ યુક્ત ધર્મી સ્વરૂપ છે. શ્રીગુસાંઈજી તેનું નિરૂપણ ''સ્પતશ્લોકી'' કરે છે.

પ્રથમ શ્લોકમાં શ્રીમહાપ્રભુના છ ધર્મો સહિતના ધર્મી સ્વરૂપનું નિરૂપણ છે. પછીના દરેક શ્લોકમાં ક્રમશઃ ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય રૂપ ધર્મોનું નિરૂપણ છે.

પ્રથમ શ્લોક :

સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત રસભરેણાતિ ભરિતા ।
વિહારાન્કુર્વાણા વ્રજપતિ વિહારાબ્ધિષુસદા ।।
પ્રિયા ગોપી ભર્તુઃ સ્ફુરતુ સતતં વલ્લભ ઈતિ ।
પ્રથાવત્યસ્માકં હૃદિ સુભગ મૂર્તિઃ સકરૂણા ।।

અહીં મૂર્તિ પદથી - ધર્મી સ્વરૂપ છે.

સ્ફૂરત્કૃષ્ણપ્રેમામૃત રસ ભરેણાતિ ભરિતાથી - ઐશ્વર્ય ધર્મ છે.

વિહારાન્કુર્વાણા વ્રજપતિ વિહારબ્ધિષુસદાથી - વીર્ય ધર્મ છે.

પ્રિયાગોપીભર્તુ:થી - યશ ધર્મ છે.

વલ્લભ ઈતિપ્રથાવતીથી - શ્રી ધર્મ છે.

સુભગ પદથી - જ્ઞાન ધર્મ છે.

સકરૂણા પદથી - વૈરાગ્ય ધર્મ છે. આ છ પુષ્ટિમાર્ગીય અંતરંગ ધર્મો છે.

બીજાથી સાતમા શ્લોકમાં ક્રમશ: ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય ધર્મોનું વર્ણન છે. તે બહિરંગ રૂપે છે.

ભગવાન શ્રીકૃષ્ણ જ શ્રીવલ્લભ તરીકે પ્રગટશે તેવું વિધાન શાસ્ત્રોએ કર્યું છે. નરસિંહ મહેતા પુષ્ટિમાર્ગના પ્રહરી છે. તેમણે પણ શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલ રૂપથી કૃષ્ણ પ્રગટશે તેવું કહ્યું છે.

શ્રીવલ્લભ અને શ્રીકૃષ્ણમાં કોઈ તારતમ્ય તો નથી જ છતાં અનન્ય ભક્તોની ભાવ દૃષ્ટિમાં શ્રીકૃષ્ણ પ્રભુ છે. શ્રીવલ્લબ મહાપ્રભુ છે. સમગ્ર વિશ્વ શ્રીકૃષ્ણને વશ છે. શ્રીકૃષ્ણ શ્રીવલ્લભને વશ છે. ''વલ્લભબરનો કહા બડાઈ જાકે રોમ રોમ પ્રતિ વિહરત કોટિ ગોવર્ધન રાઈ.''

ભગવાનના વિરાટ રૂપમાં પ્રત્યેક રોમમાં એક બ્રહ્માંડ બિરાજે છે. રોમ કૂપમાંથી બ્રહ્માંડ અવરજવર કરે છે.

શ્રીમહાપ્રભુના પ્રત્યેક રોમમાં અસંખ્ય કૃષ્ણ (ગોવર્ધનરાય) બિરાજે છે.

શ્રીવલ્લભ અને અવતાર સામ્ય :

શ્રીકૃષ્ણની જેમ જ શ્રીવલ્લભ પણ અવતારી છે. જેમ નવ અવતારોનું લીલા સામ્ય શ્રીકૃષ્ણાવતારમાં છે. તે પ્રમાણે શ્રીવલ્લભમાં પણ સકલ કૃષ્ણાવતાર સામ્ય છે.

શ્રીહરિરાયજી મહાપ્રભુએ આપશ્રીના એક લઘુગ્રંથમાં આનું નિરૂપણ કર્યું જ છે. તેથી પ્રેરિત થઈ શ્રીવલ્લભના અનુગ્રહથી અવતાર સામ્યના નામ સેવનનો પ્રયત્ન મારા દ્વારા થયો છે.

સૃષ્ટિ સર્જન પૂર્વે બે અવતારો :

(૧) પુરુષ રૂપ (બ્રહ્માંડ) - સઘળાં લોક અને સૃષ્ટિ ભગવાનના ઉદરમાં

છે. આ માટે બ્રહ્માંડ દેહ છે. તે અપ્રાકૃત શુદ્ધ સત્ત્વાત્મક શરીર છે. આ જ આદિનારાયણ છે. સર્વ અવતારોનું મૂળ છે.

શ્રીમહાપ્રભુજીનું પુરુષ રૂપ ''પ્રાકૃતધર્માનાશ્રયમપ્રાકૃત નિખિલ ધર્મરૂપમિતિ''. આપ અપ્રાકૃત શરીરવાળા છે. આનંદમય સ્વરૂપ છે. નિત્ય લીલામાં બિરાજે છે. આનંદરૂપ હોવાથી નિત્ય લીલાનો સઘળો પરિકર આપશ્રીમાં બિરાજે છે.

આદિ નારાયણ સર્વ અવતારોનું મૂળ છે તેમ શ્રીમહાપ્રભુજી નિત્યલીલાના સઘળા અવતારોનું મૂળ છે.

(૨) બ્રહ્માજી - શ્રીકૃષ્ણના નાભિકમળમાંથી ઉત્પન્ન થયા. કર્તા તરીકે સ્વતંત્ર છે. સૃષ્ટિની રચના કરી.

શ્રીમહાપ્રભુનું બ્રહ્મા રૂપ - શ્રીવલ્લભ ત્રિતયાત્મક સાક્ષી રૂપ છે. સ્વામિની સ્વરૂપ છે. સ્વામિનીજીના મુખ કમલમાંથી ચંદ્રાવલીજી અને તે રીતે સખીજનોનો લીલા પરિકર પ્રકટ થયો.


આદિ નારાયણ (મૂળ પુરુષ)



શ્રી બ્રહ્માજી

સૃષ્ટિ સર્જન પછીના બાવીસ અવતારો :

૧. સનતકુમારો :



સનતકુમારા

બ્રહ્માના ચાર પુત્રો થયા. સનંદન, સનક, સનાતન અને સનત્કુમાર. તે દેવતાઓ છે. શુદ્ધ માર્ગને પ્રવૃત્ત કરનારા છે. બ્રહ્મચર્ય વ્રતનો પ્રકાશ કર્યો.

શ્રીમહાપ્રભુજીમાં સનત્કુમાર સામ્ય :

શ્રીવલ્લભને અન્ય સ્ત્રી સંગ નથી. શ્રીમહાપ્રભુજીનું વિગ્રહ રાસસ્ત્રીભાવ પૂરિત છે. શ્રી ભાગવતમાં સારભૂત રાસ સ્ત્રી ભાવ છે. આપનું અંગ તેનાથી પૂર્ણ છે.

શ્રી ભાગવતમાં ભગવાનની લીલાઓનો અમૃત સમુદ્ર છે. શ્રીવલ્લભે તેનું મંથન કરી તેમાંથી સારભૂત રાસ સ્ત્રી ભાવ પ્રકટ કર્યો.



તત્સારભૂતરાસસ્ત્રીભાવ પુરિત વિગ્રહઃ

ક્ષીર સમુદ્રના મંથનથી અમૃત પ્રાપ્ત થયું. તેનો ભોગ કેવલ દેવતાઓએ કર્યો.

ભાગવત સમુદ્ર મથનથી નીકળેલ રાસ સ્ત્રી ભાવના ભોક્તા કેવલ શ્રીવલ્લભ છે. આથી જ આપશ્રી એકવાર શ્રીનવનીત પ્રિયાજીને સાથે લઈ એક શૈયા પર પોઢ્યા હતા. કીર્તનમાં તેનો ઉલ્લેખ છે, ‘સુખદ સેજ પોઢે શ્રીવલ્લભ સંગ લીયે નવનીત પ્રિય’’

‘‘કૃષ્ણાવતારઃ પતિઃ’’ - ‘‘દાસીનાં સર્વ રક્ષાર્થં આવિર્ભૂતો મમ સ્વામી’’ આ સુબોધિનીજીની કારિકાઓ શ્રીવલ્લભના રાસ સ્ત્રી ભાવ પૂરિત વિગ્રહનું સૂચન કરે છે.

શ્રી આચાર્યજી પતિવ્રતાના પતિ છે. સ્વયં અભય છે. આથી ભયાતૂર સ્વજનોને ભયમુક્ત કરે છે.

આપશ્રી મહાલક્ષ્મીજીના પતિ છે. અનેક ભક્તોના પણ પતિ છે. સિંહનંદના જીવણદાસ ક્ષત્રી અને ઠઠ્ઠાના નારાયણદાસ લુહાણાને બંદીખાનેથી છોડાવ્યા. અનન્ય સેવકોની રક્ષા કરી.

શ્રીમહાપ્રભુજીને એકાંત પ્રિય છે. એકાંતમાં બિરાજી પુષ્ટિ લીલાનો અનુભવ કરે છે. આથી જ પૃથ્વી પરિક્રમા દરમ્યાન ગામથી દૂર એકાંતમાં આપશ્રી બિરાજતા. આથી આપશ્રીની બેઠકજી ગામ બહાર બિરાજે છે.

આ પ્રસંગો દર્શાવે છે કે આપશ્રીમાં સનત્કુમારો જેવું બ્રહ્મચર્ય છે. આપશ્રી સદા બ્રહ્મ સાથે રમમાણ રહે છે.

સનત્કુમારોની જેમ શાસ્ત્ર શુદ્ધ અદ્વૈત તત્ત્વજ્ઞાન પ્રકટ કર્યું. શાસ્ત્ર શુદ્ધ સ્વતંત્ર પુષ્ટિભક્તિ માર્ગ પ્રકટ કર્યો.

શ્રીસનત્કુમારો ચાર છે. શ્રી વલ્લભે વેદ, શ્રી ગીતા, બ્રહ્મસૂત્રો અને શ્રીભાગવત પર મીમાંસાઓ કરી. આમ આ ચાર પ્રસ્થાનોની ટીકા રૂપ ચાર પ્રકારના નામાત્મક સ્વરૂપે શ્રીવલ્લભ બિરાજે છે.

૨. શ્રી વરાહ :


શ્રી વરાહ

શ્રીમદ્ વરાહ ભગવાને દાઢથી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો. ગાયો, બ્રાહ્મણો અને દેવોને દુઃખ દેનાર હિરણ્યાક્ષને માર્યો.

હિરણ્યાક્ષ અસુર છે. તે ગાયો, બ્રાહ્મણો અને દેવોને રંજાડનારો છે. પૃથ્વીને તે રસાતલમાં લઈ ગયો હતો. વરાહ ભગવાને અસુરને માર્યો. પૃથ્વીને દાઢ પર ધરી અને બચાવી. વરાહજી યજ્ઞાત્મક છે. ભક્તના દ્વેષનો નાશ કરે છે.

શ્રીમહાપ્રભુજીમાં વરાહ સામ્ય :

શ્રીવલ્લભ યજ્ઞકર્તા અને યજ્ઞભોક્તા છે. ભક્તના દ્વેષિઓને પોતાની રોષ

દષ્ટિથી બાળે છે. આથી ભક્ત વિરોધીઓ ફરી ઊભા થઈ શકતા નથી.

પ્રભુદાસ ભાટ શ્રીવલ્લભના સેવક છે. કીરત ચૌધરી આ ભક્તનો દ્વેષી હતો. શ્રીવલ્લભે વિષ્ણુદુતો દ્વારા તેને શિક્ષા કરી. તે ભક્તની નિંદા કરતો બંધ થયો.

ત્રિપુરદાસ શ્રીવલ્લભના સેવક છે. એક મ્લેચ્છ તેમને હેરાન કરતો હતો. આપશ્રી એ વિષ્ણુદુતો દ્વારા મ્લેચ્છને શિક્ષા કરી. ત્રિપુરદાસની રક્ષા કરી. નષ્ટ થયેલી ભક્તિ (ભક્તિમાર્ગ)નો ઉદ્ધાર કર્યો.



રોષદક્પાત સમ્લુષ્ટભક્ત દ્વિડ્

ત્રણ વાર પૃથ્વી પરિક્રમાના મીસથી પોતાના કોમલ ચરણો પૃથ્વી પર ધરી ભૂવિભાગ્ય સ્વરૂપે પૃથ્વીનો ઉદ્ધાર કર્યો.

૩. શ્રી નારદ :



શ્રી નારદ

શ્રીમાન પ્રભુ નારદે પંચરાત્રની રચના કરી છે કે જેમાં સ્પષ્ટ રીતે સેવા પ્રકાર વર્ણવ્યો છે.

નારદજીને ભક્તિમાર્ગ અભિપ્રેત છે. ભક્તિના ઉત્કર્ષ માટે ભક્તિસૂત્રો રચ્યા છે. ‘પંચરાત્ર’ રચ્યું છે. નિષ્કામ કર્મનો સેવા પ્રકાર બતાવ્યો છે.

શ્રીમહાપ્રભુજીમાં શ્રીનારદ સામ્ય :

શ્રીવલ્લભ ભક્તિના આચારનો ઉપદેશ કરે છે. પુષ્ટિ ભક્તિ સંયોગ અને વિપ્રયોગવાળી છે. આવી ભક્તિની સ્થિરતા માટે તે ભક્તિનું આચરણ જરૂરી છે. આથી સ્વકીયોને આપશ્રી આ ભક્તિના આચરણનો ઉપદેશ કરે છે.

અન્યાશ્રય છોડી અત્યંત ભાવથી ભગવત્સેવા કરવી. આ જ ભક્તિનું આચરણ છે.

શ્રીવલ્લભ અડેલમાં સહકુટુંબ બિરાજતા હતા. આપશ્રી, શ્રીઅક્કાજી, શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજી સાથે સ્વયં ભગવદ્ સેવા કરતાં અને સેવકોને શીખવતાં.

ભક્તિમાર્ગમાં વર્ણાશ્રમના કર્મો-ધર્મો સાધન રૂપે સહાયક બને છે. આથી આપશ્રી આવા કર્મમાર્ગનું પવર્તન કરે છે.



કર્મમાર્ગ પ્રવર્તક:

ભક્તિમાં ચિત્તની પ્રસન્નતા અને શુદ્ધિ આવશ્યક છે. તે માટે વર્ણ અને આશ્રમના કર્મોની ઉપયોગીતા આપે સમજાવી છે.

કર્મ તો એક શ્રીકૃષ્ણની સેવા જ છે. તેમાં ચિત્તનું પરોવાઈ જવું અગત્યનું છે. આ માટે વર્ણાશ્રમ, શૌચાદિ દેહ ધર્મના કર્મ સેવાના અંગરૂપ બને છે.

રાજાદુબે અને માધોદુબે ને સૂતક હતું શ્રીમહાપ્રભુજીએ તેમને કથા સંભળાવી પણ શરણે તો સૂતક ઉતર્યા પછી જ લીધા.

૪. શ્રીનારાયણ :



શ્રીનારાયણ

શ્રી નારાયણ ગંધ માદન પર્વતમાં વસે છે તેઓ આત્મ સંયમી છે. તેથી કામ સેનાને જીતી છે. ક્રોધ નથી કર્યો. પ્રસન્નતાથી રહ્યા છે. એકાંત વાસ કર્યો છે.

શ્રીમહાપ્રભુજીમાં શ્રીનારાયણ સામ્ય :

શ્રીવલ્લભને વ્રજ પ્રિય છે. વ્રજ સંબંધી નિકુંજ લીલાની કથાનું સતત સ્મરણ કરે છે. બીજી બધી વાતોને ભૂલી જાય છે.

વ્રજના લીલા સ્થળો કાલ પ્રભાવથી આચ્છાદિત થયા હતાં તે પ્રકટ કર્યા. વ્રજ સ્વરૂપાત્મક

છે. આવાં દર્શન આપને થતાં પ્રભુદાસ જલોટાજી જેવા ભક્તોને પણ તે દર્શન કરાવ્યા.

ભક્તિ સિદ્ધાંતોનો વિરોધ કેટલાંક દુષ્ટ સમૂહો કરતાં હતાં. શ્રીવલ્લભે શાસ્ત્રાર્થથી તે બધાને જીત્યા. શાસ્ત્રાર્થ માટે સામે ચાલીને પધાર્યા છે. બધાને જીતી આપ વ્રજમાં બિરાજે છે.

વ્રજમાં ભિન્ન ચોવીસ સ્થળો પર આપે શ્રીભાગવત પારાયણ કર્યું છે.

આપશ્રી ગોકુલમાં બિરાજતાં હતાં ત્યારે એક વૈરાગી આપની પરીક્ષા લેવા આવેલો તેના શાલિગ્રામનું મીસ કરી પોતાના ભગવદ્ સ્વરૂપનો અનુભવ કરાવ્યો.



વ્રજપ્રિયઃ

ભક્તિનો વિરોધ કરનારની સામે કે શાસ્ત્રાર્થ કરતાં આપશ્રી ક્રોધિત થતાં નથી. સદા પ્રસન્ન રહે છે. આપશ્રી સહજ સ્મિત મુખારવિંદવાળા છે. સહજ સ્મિતથી આપશ્રી જીવો પર અનુગ્રહ કરે છે. પોતાના સ્વરૂપનો બોધ પણ કરે છે.

ભગવાનનું 'હાસ' માયાનું પ્રસારક છે. 'હાસ' સંકોચાય છે ત્યારે જ મંદ સ્મિત થાય છે. આથી જીવની માયાનું પણ સંકોચન થાય છે. સેવકોની માયાનું આવરણ દૂર કરે છે. પોતાના સ્વરૂપનું દર્શન કરાવે છે. આમ શ્રીવલ્લભ પણ ક્રોધ રહિત છે. નિત્ય પ્રસન્ન રહે છે.

૫. શ્રી કપિલદેવ :

કપિલદેવજીએ સાંખ્યનું નિરૂપણ કરીને દુષ્ટ મનવાળા જીવોનું અજ્ઞાન દૂર કર્યું. દેવહૂતીનું પ્રિય કર્યું.

શ્રી કપિલ ભગવાને મા દેવહૂતિજીનું પ્રિય કર્યું. સાંખ્યની જાણકારી તે વખતે લુપ્ત થઈ ગઈ હતી. શ્રી કપિલે તે ફરી પ્રગટ કર્યું. તે દ્વારા દુષ્ટ મનવાળા જીવોનું અજ્ઞાન દૂર કર્યું



શ્રી કપિલદેવ

શ્રીમહાપ્રભુજીમાં શ્રીકપિલ સામ્ય :



તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શક:

શ્રીમહાપ્રભુજી અડેલમાં બિરાજતા હતાં, ત્યારે એક પંડિત શાસ્ત્રાર્થ માટે આવ્યા. સમય ઘણો થયો. ઉત્થાપનની વેળા આવી. અવેર થતી હતી આથી માતૃચરણો સેવામાં પહોંચ્યા. આપશ્રીને તે વખતે બ્રહ્મસંબંધ દીક્ષા ન હતી. આ સમયે શ્રીનવનિતપ્રિયજી એ બ્રહ્મસંબંધ આપ્યું અને સેવા અંગીકાર કરી. આમ શ્રીવલ્લભે માતૃચરણોનું પ્રિત કર્યું.

શ્રી મહાપ્રભુજી વ્યાસાશ્રમમાં પધાર્યા. શ્રીવ્યાસજીએ સ્વરચિત બ્રહ્મસૂત્ર પર તેના હાર્દને અનુરૂપ ‘ભાષ્ય’ રચવા આજ્ઞા કરી. તે વખતે કહ્યું કે, ભાષ્ય તો ઘણાં થયાં પણ મારા હૃદયગત ભાવો જે રીતે પ્રકટ થવા જોઈએ તે રીતે નથી થયા.

તે જ સમયે શ્રીવલ્લભે અણુભાષ્યનો પ્રારંભ કરી શ્રી વ્યાસજીને સંભળાવ્યો. શ્રીવ્યાસજી પ્રસન્ન થયાં. આ ભાષ્યનો વિસ્તાર કરી કાશીમાં વિદ્વાનો સમક્ષ રજૂ કર્યો. તે બધાનું અજ્ઞાન દૂર કર્યું. નિજમાર્ગમાં રહેલા સૌનું અજ્ઞાન દૂર કર્યું.

૬. દત્તાત્રેય :

દત્તાત્રેય

દત્તાત્રેયજીએ આન્વીક્ષિકી વિદ્યા પ્રહ્લાદજી વગેરેને વર્ણન કરીને નાના પ્રકારના ઉપદેશનો પ્રચાર કરી સત્પુરૂષોના મતને દઢ કર્યો.

શ્રીદત્તાત્રેયજી પાસે આન્વીક્ષિકી વિદ્યા છે. તે દ્વારા સત્પુરૂષોનો મત વિવિધ ઉપદેશ વાક્યોથી દઢ કર્યો. આ વિદ્યા અલર્ક રાજા અને પ્રહ્લાદજી વગેરેને આપી.

શ્રી મહાપ્રભુજીમાં શ્રીદત્તાત્રેય સામ્ય :

ભગવાન ભક્ત ભક્તિમાન છે. ભક્તોના આચારોથી જ ભગવાન રાજી થાય છે. આ આચારોનું જ્ઞાન લુપ્ત થયું હતું. શ્રીવલ્લભે ભક્તિના આચારના ઉપદેશ માટે

અનેક ગ્રંથોનું નિરૂપણ કર્યું છે. આ ગ્રંથોમાં આપે સેવાના અંગરૂપ સમર્પણ વગેરે તત્ત્વોને સમજાવ્યા છે.

શ્રીવલ્લભે દામોદરદાસ હરસાનીજીને ‘સિદ્ધાંત રહસ્ય’ ગોવિંદ દુબેને ‘નવરત્ન’ અને પદ્મનાભદાસને ‘ભાગવતાર્થ નિબંધ’ સમજાવ્યો.

શ્રીવલ્લભ પંચ પર્વા વિદ્યા યુક્ત છે. આથી શ્રીકૃષ્ણના હૃદગત ભાવોને જાણે છે. શ્રીકૃષ્ણ વાક્ય રૂપ શ્રીગીતા અને શ્રીભાગવત અંતર્ગત ભાવો અને તેના ઉદ્દેશ્યને શ્રીવલ્લભ સમજે છે. બીજાને સમજાવે છે.


ભક્ત્યાચારો પદેશાર્થ નાનાવાક્ય
નિરુપકઃ

નિત્યલીલામાં બિરાજતા ભગવાનની હૃદગત ઈચ્છા પણ શ્રીવલ્લભ જાણી જાય છે.

રાધાકુંડની ભીતર મહેલમાં શ્રીરાધાજી પ્રભુથી માન કરીને બિરાજેલા. શ્રીકૃષ્ણનો અભિપ્રાય જાણી આપશ્રીએ શ્રીસ્વામિનીજીનું માન છોડાવ્યું.

શ્રીવલ્લભ શ્રીકૃષ્ણના ભાવને જાણે છે આથી બુલામિશ્ર જેવા સ્વ ભક્તો માટે ‘કૃષ્ણાશ્રય’ રચે છે.

૭. શ્રી સુયજ્ઞ :


શ્રી સુયજ્ઞ

ગુણ સમુહના સાગરરૂપ યજ્ઞાવતાર પ્રભુએ યામ વગેરે બાર પુત્રો સાથે મળી સ્વાયંભુવ મન્વતરનું રક્ષણ કર્યું.

કર્મથી પ્રાકૃત વાસના ઉત્પન્ન થાય છે. આ વાસનાનઓ સદ્ધર્મથી નાશ પામે છે. આ સદ્ધર્મો મન્વન્તર રૂપ છે. એક મન્વન્તરનાં છ અંગો છે. મનુ, મનુપુત્ર, દેવ, ઈન્દ્ર, ઋષિ અને ભગવદ્ અવતાર. મનુ મન્વન્તરનું પાલન કરે છે. પોતાનો ધર્મ ભગવદ્ ઈચ્છાથી પ્રકટ કરે છે. તે ધર્મનું પાલન તે સમયમાં કલ્યાણકારક હોય છે.

બ્રહ્માજીના એક દિવસમાં ૧૪ મનુ થાય છે. પ્રથમ મનુ સ્વાયંભુ છે. તેમના સમયમાં શ્રીસુયજ્ઞ ભગવાનનો અવતાર થયો છે.

એક સમયે સ્વાયંભુ મનુ એકાગ્ર ચિત્ત બની ગયા. આંખો બંધ થઈ ગઈ હતી. ઉપનિષદ્‌ની શ્રુતિઓનો પાઠ કરતાં હતાં. આ સમયે અસુર અને રાક્ષસો આવ્યા. તેમણે મનુને અચેત જોયા - નિદ્રાવશ થઈ બડબડતા જાણ્યા - તે બધા ભૂખ્યા હતાં આથી મનુને ખાવા તેમના પર તૂટી પડયાં.

અંતર્યામી યજ્ઞપુરુષ ભગવાને આ જાણ્યું. તેઓ પોતાના યામ વગેરે બાર પુત્રો સાથે ત્યાં પધાર્યા. અસુરોનો સંહાર કર્યો. ત્યાર બાદ ઈન્દ્રનું પદ મેળવ્યું. સ્વર્ગનું શાસન કરવા લાગ્યા. સુયજ્ઞજીએ સ્વાયંભુ મન્વન્તરનું પાલન કર્યું.

શ્રીમહાપ્રભુજીમાં શ્રીસુયજ્ઞ સામ્ય :

હાલમાં શ્વેતવરાહ કલ્પ છે. સ્વાયંભુ વગેરે છ મન્વન્તરો વીતી ગયા છે. શ્રીમહાપ્રભુજી પ્રગટ્યા. શ્રી ગોપીનાથજી અને શ્રીગુસાંઈજી એમ બે પુત્રો થયા. પૌત્રો પણ થયા. આ બધા સ્વરૂપોએ આસુર જીવોને દૂર કર્યા છે. આસુરો દૈવી સૃષ્ટિને રંજાડતા. આ બધા સ્વરૂપોએ સારસ્વત કલ્પીય શ્રીકૃષ્ણ સંબંધી દૈવી જીવોનું રક્ષણ કર્યું.



ભૂવિ ભક્તિ પ્રચારૈકકૃતેસ્વાન્વયકૃત્

૮. શ્રીઋષભદેવ :

શ્રીઋષભદેવજી પરમહંસ ધર્મવાળા છે. તેઓ દિગંબર દશામાં રહેતા. મૌન રાખતા. લૌકિક જનોને દૂર રાખવા શરીર પર મલ લગાડતા. વાદ અને સ્વાદનો ત્યાગ કરવા મુખમાં પથ્થર મૂકી ફરતા. આ અજ્ઞાત લીલા છે. આપ યોગાચરણ શિખવતા. દેહ ત્યાગ દર્શાવવા દવાગ્નિમાં પધાર્યા. દેહ માત્રનો પ્રવેશ થયો આનંદમય દેહ અગ્નિથી આવૃત્ત થઈ તિરોહિત થયો.



શ્રીઋષભદેવ

શ્રીઋષભ દેવજી અજ્ઞાત છે. આંતર બુદ્ધિવાળા છે. નિર્મળ છે. પુત્રોના નિમિત્તે અજ્ઞાન સાગરમાં ડૂબતાં લોકો માટે જ્ઞાન દાતા થયા. ધીર પુરુષોનો માર્ગ

બતાવ્યો. ઋષભદેવજીએ પરમહંસ ધર્મ સ્વીકાર્યો તે પહેલાં પોતાના પુત્રોને ઉપદેશ આપ્યો છે. દેહ ભોગ માટે નથી. ભગવાન માટે છે. ઋષભદેવજી બોધ વચનોથી પુત્રોને સમર્થ બનાવે છે.

શ્રી મહાપ્રભુજીમાં શ્રીઋષભદેવ સામ્ય :

શ્રીવલ્લભની લીલા બધાથી અજ્ઞાત રહે છે. શ્રીવલ્લભ કોઈ કાર્ય કરે ત્યારે તેમાં શું રહસ્ય છે તે આપના ભક્તો પણ જાણી શકતા નથી. આપશ્રી બતાવે ત્યારે જ તે સમજાય છે.

ચિત્રકુટમાં કાંતાનાથ પર્વત પર શ્રીવલ્લભ બિરાજ્યા હતા. રામાયણની કથા કરતાં હતાં તે વખતે શ્રીહનુમાનજી પધાર્યા. બ્રાહ્મણવેશે આવી શ્રી રામચંદ્રજી પાસે પધારવા વિનંતી કરી. શ્રીરામચંદ્રજીને આપે ફલ, ગુલાબજળ વગેરે આરોગાવ્યું. આ સામગ્રી શ્રીઠાકોરજી માટે સિદ્ધ કરી હતી.



સર્વજ્ઞાતલીલા:

દમલાજીને આશ્ચર્ય થયું. ત્યારે આપશ્રીએ સમજ આપી કે રામ પણ મર્યાદાસ્થિત પુરુષોત્તમ છે.

શ્રીવલ્લભે પણ સંન્યાસ્થાશ્રમ ધર્યો. આસુરવ્યામોહ લીલા વખતે કાશીમાં પોતાના પુત્રોને શિક્ષાશ્લોકીનો અંતિમ ઉપદેશ આપ્યો.

પોતાનું અશેષ્ય માહાત્મ્ય સ્વવંશમાં સ્થાપિત કર્યું છે. આથી જ નાગજી ભટ્ટને નામ નિવેદન પામવા શ્રીગુસાંઈજી પાસે જવા આજ્ઞા કરી.

વિવેકધૈર્યાશ્રય રચી ધીર પુરુષોનો કૃષ્ણસેવા માર્ગ બતાવ્યો.

ભૂતલ ત્યાગ વખતે શ્રીગંગાજીના મધ્યધારામાં પધાર્યા. આપશ્રીમાંથી તેજના પૂંજનો પ્રવાહ નીકળ્યો જે આકાશ તરફ વધ્યો. કાશીના લોકો એ આદર્શન કર્યા.

૯. પૃથુરાજા :

પાપ રહિત પૃથુ રાજાએ સર્વે જીવોના ઉપકારાર્થે ગાયનું રૂપા ધારણ કરનાર પૃથ્વીનું દોહન કર્યું.



પૃથુરાજા

પૃથ્વીએ એકવાર બીજ છુપાવી દીધા. અન્ન પાકતું ન હતું. પ્રજા અન્ન વગર પીડાતી હતી. રાજાને અન્ન પ્રાપ્ત કરવામાં વિનંતી કરી. પૃથુ રાજા ધનુષ્યબાણ લઈ પૃથ્વીનું શાસન કરવા તૈયાર થયા. પૃથ્વીએ ગાયનું રૂપ લધું - દોડવા લાગ્યા - પૃથુનું પ્રજા વાત્સલ્ય જોયું. વાછરડા લાવવા કહ્યું. પૃથુ જુદા જુદા વાછરડા લાવ્યા. પૃથ્વીએ દરેકને જુદા જુદા પદાર્થો આપ્યા.

શ્રીમહાપ્રભુમાં પૃથુ સામ્ય :



ભક્તેચ્છાપૂરક:

પુષ્ટિમાર્ગના અધિકારીઓને પોતાના કલ્યાણ માટે માર્ગ દેખાતો ન હોતો તે વગર મુંઝાતા હતા. શ્રીવલ્લભ ભક્તેચ્છાપૂરક બન્યા. સર્વ વેદ રૂપી ગાયોનું દોહન કરી શુદ્ધદ્વૈત મતનું સ્થાપન કર્યું. કૃષ્ણદાસ મેઘાનનો શ્રીગિરિરાજજીની ભીતર વ્યાપીવૈકુંઠ અને લીલા સામગ્રીના દર્શન કરાવ્યા.

અધિકારી સ્વકીયજનોને પોતાના લીલામૃત રસથી દ્રવિત કર્યા. આદ્ર કર્યા. રસમય કર્યા. દિનકરદાસ શેઠ જેવા ભક્તોને કથામૃતપાન કરતાં ભોજનમાં પણ રુચિ રહેતી નહતી.

૧૦. શ્રીમસ્ત્ય :

મત્સ્યાવતાર પ્રભુએ એક સત્યવાન ભક્તનું પ્રલયકાળના જળથી રક્ષણ કરી મનુષ્યોને મત્સ્યપૂરાણ શ્રવણ કરાવ્યું.

પ્રલયકાળ આવી ગયો હતો. બ્રહ્માજીને ઉંઘ આવતી હતી. તે ઉંઘવાનું ચાહતા હતા તે સમયે તેમના મોંમાંથી વેદ નીકળી ગયા. હયગ્રીવ નામનો દૈત્ય તેને યોગબળથી ચોરી ગયો. શ્રીહરિ આ જાણી ગયા તેથી મત્સ્યાવતાર લીધો.



શ્રીમસ્ત્ય

પ્રિયવ્રત રાજાએ સ્તુતિ કરી શરણાગતિ કરી. મત્સ્ય ઘણા યોજનના બની ગયા. પ્રિયવ્રતના ગુરુ બન્યા, પ્રલયના સમુદ્રમાં વિહાર કરતાં કરતા રાજાને આત્મતત્ત્વનો ઉપદેશ કર્યો. પોતાના સ્વરૂપના સંપૂર્ણ રહસ્યને બતાવ્યું. જ્ઞાન, ભક્તિ અને કર્મયોગ સમજાવ્યો. મત્સ્યપૂરાણ કહ્યું.

શ્રીમહાપ્રભુજીમાં શ્રીમત્સ્ય સામ્ય :

સાંપ્રત કાળમાં જીવો સંસાર રૂપી ભવ સાગરમાં ડૂબી રહ્યા છે. શ્રી વલ્લભ ગુરુ સ્વરૂપે પધાર્યા. હરિ સેવા અને હરિ કથા રૂપી નૌકામાં અધિકારી જીવોને બેસાડયા - સેવા શીખવી. શ્રીભાગવતાર્થ, શ્રીસુબોધિનીજી વગેરે ગ્રંથોની કથા કરી ભક્તોને સંભળાવી. ભક્તોને ભવ પાર ઉતારી દીધા. ગંગા સાગર સ્થળે આપશ્રીના ચરણ કમલમાંથી પ્રકટેલ સુવાસ યોજનો સુધી વિસ્તરી અને ઘણા જીવોને કૃતાર્થ કર્યા.



શ્રીભાગવત ગુઢાર્થ પ્રકાશનપરાયણઃ



કુર્મ (કચ્છપ)

૧૧. કૂર્મ :

દેવ-દૈત્યોએ મળી સમુદ્રમંથન કર્યું. અમૃત ઉત્પન્ન ન થયું. તેથી તેઓ ક્લેશ પામ્યા. આ વખતે પ્રભુએ કૂર્મ સ્વરૂપ ધારણ કર્યું. એક લાખ યોજનની પીઠ પર મંદરાચળને ધર્યો.

દેવોને સમુદ્રમાંથી અમૃત પ્રાપ્ત કરવું હતું. ભગવાને તેમને દાનવો સાથે મળી ક્ષીર સાગરનું મંથન કરવા આજ્ઞા કરી મંદરાચલનું વલોણું અને વાસુકી નાગનું દોરડું બનાવવા કહ્યું.

સમુદ્ર મંથન શરૂ થયું. મંદરાચલ પર્વતનું વજન ખૂબ હતું. નીચે કોઈ આધાર ન હતો તેથી પર્વત ડૂબવા લાગ્યો. આ વખતે ભગવાને વિશાળ અને વિચિત્ર કાચબાનું રૂપ લીધું. સમુદ્ર જળમાં પ્રવેશ કર્યો અને મંદરાચલને ઉપર ઉઠાવી દીધો.

શ્રીમહાપ્રભુમાં શ્રીકૂર્મ સામ્ય :

શ્રીમહાપ્રભુજીએ જોયું કે દૈવી અને અસુર જીવો સંસારમાં રહીને મોક્ષરૂપ અમૃત શોધે છે. તેમના સ્વાર્થ માટે મથે છે. ક્લેશ કરે છે.

વેદોમાં અમૃત પ્રાપ્તિના રસ્તા બતાવ્યા છે પણ પાખંડ માર્ગોએ તેના અનર્થો કર્યા. અમૃત ન મળ્યું. ત્યારે શ્રીમહાપ્રભુજીએ વેદાર્થ રૂપ મંદરાચલને ધારણ કરી તેનો ઉદ્ધાર કર્યો. વેદોની દરેક શ્રુતિઓને સમાન ગણી. શ્રુતિઓના સાચા અર્થોનો સમન્વય કરી બતાવ્યો.



વેદપારગઃ

દષ્ટાંત તરીકે - વેદ કહે છે કે અતપ્ત તનુને પ્રભુ મળતા નથી. આથી શરીર તપાવવા લોકો ધુણી ધખાવવા લાગ્યા. શરીર પર ડામ લેવા લાગ્યા. શ્રીવલ્લભે સમજાવ્યું કે અતપ્ત તનુ એટલે પ્રભુના વિરહ તાપ વગરનું શરીર. વિરહથી શરીર તપે ત્યારે પ્રભુ મળે.

પાખંડ માર્ગોએ સર્જેલા વિષને 'પત્રાવલંબન' ગ્રંથ દ્વારા દૂર કર્યું. શાસ્ત્રાર્થ દરમ્યાન વિરોધીઓ દ્વારા ઓકાતાં વાક્‌વિષને પણ ગણકાર્યું નહીં. સર્વ સ્વજનો માટે શિવરૂપ બની હર્ષ દીધો.

૧૨. શ્રી ધન્વન્તરી :

ધન્વન્તરિજી સ્મરણ કરવા માત્રથી દુ:ખનો યા રોગાદિકનો નાશ કરે છે.

દેવો અને દાનવો સમુદ્રનું મંથન કરતાં હતાં એક પછી એક રત્નો નીકળતાં હતાં. લક્ષ્મીજી પધાર્યા, પછી વારૂણી દેવી પ્રકટયા. અમૃતની ઈચ્છાથી વધુ સમુદ્ર મંથન ચાલ્યું. એક અલૌકિક પુરુષ પ્રકટયા. તેમની ભૂજા લાંબી હતી. ગળું શંખ



શ્રી ધન્વન્તરી

જેવું હતું. આંખમાં લાલાશ હતી. શરીર સુંદર અને શ્યામલ હતું. ગળામાં માળા હતી. આભૂષણો ધર્યા હતા. શરીર પર પીતાંબર હતું. કાનમાં કુંડલ હતા. છાતી પહોળી હતી. તરૂણ અવસ્થા હતી. સિંહ જેવા પરાક્રમી હતા. સૌંદર્ય અનુપમ હતું. ચમકતા અને વાંકડીયા વાળ હતા. તેમના હાથમાં કંગન અને અમૃતનો કળશ હતો. તે ધન્વન્તરીજી હતા. આયુર્વેદના પ્રવર્તક અને યજ્ઞભોક્તા છે.

ધન્વન્તરીજીનું સ્મરણ કરતાં રોગો દૂર થાય છે. દેવતાઓ માટે અમૃત કળશ લઈ પ્રકટ્યા હતા.

શ્રીમહાપ્રભજીમાં શ્રીધન્વન્તરી સામ્ય :

તરૂણ શ્રીવલ્લભ પણ ભક્ત દ્વેષીઓ સામે સિંહ જેવા પરાક્રમી હતા. પ્રત્યેક અંગ શ્રી ભાગવતના પ્રત્યેક પદ રૂપી મણિમાંથી ભૂષિત હતા. શ્યામલ સુંદર અંગ હતું. નેત્રોમાં ભક્તો માટે અનુરાગ સૂચવતી લાલીમા હતી. ગળામાં કંઠી, યજ્ઞોપવિત તથા ધોતી ઉપરણા ધારણ કર્યા છે. આજાન બાહુ છે.

આપશ્રીના નેત્રોમાં કરૂણામૃત છે. મુખારવિંદમાં વચનામૃત છે. અધિકારી દૈવીજીવોને અમૃત વાંટે છે. હૃદયમાં કૃષ્ણપ્રેમામૃત છે.



સ્મૃતિમાત્રાર્તિનાશન:

ચાર વેદ અને ઉપવેદોના પૂર્ણજ્ઞાતા હોવાથી આયુર્વેદમાં પણ નિપૂણ છે. આપશ્રીના સ્મરણથી જીવની આર્તિ - દુ:ખ દૂર થાય છે. શ્રીવલ્લભ આનંદ સ્વરૂપ છે તેથી આ શક્ય છે.

દામોદરદાસ હરસાનીજી જેવા સ્વકીયોની ત્રિવિધ આર્તિનું શમન આપશ્રીએ કર્યું છે.

૧૩. શ્રીમોહિની :


શ્રી મોહિની

શ્રીમહાવિષ્ણુએ શ્રીમોહિની સ્વરૂપે અદ્ભુત સ્ત્રીરૂપ ધારણ કર્યું. નેત્ર કટાક્ષોથી દૈત્યોને મોહ ઉત્પન્ન કર્યો. દૈત્યો પાસે ગયેલા નિર્મળ અમૃતનું પાત્ર લઈ વારંવાર દેવતાઓને આપ્યું - દૈત્યોને ન જ આપ્યું.

શ્રી ધન્વન્તરીજી અમૃત કલશ લઈ પ્રકટયા. દૈત્યો પહેલેથી જ લાગ જોઈને બેઠેલા. તેઓ અમૃત કલશ ઝૂંટવીને લઈ ગયા.

દેવતાઓના મન વિષાદથી ભરાઈ ગયા. તે બધા ભગવાનની શરણમાં ગયા. ભગવાને દેવોને મદદ કરવા અત્યંત અદ્ભૂત અને અવર્ણનીય સ્ત્રીનું રૂપ ધારણ કર્યું. ચતુર શિરોમણી ભગવાને દૈત્યોને મોહિત કરી અમૃત કલશ લઈ આવ્યા દેવોને પાન કરાવ્યું.

શ્રીમહાપ્રભુજીમાં મોહિની સામ્ય :

શ્રીમહાપ્રભુજી નિત્યલીલામાંથી સન્મનુષ્યાકૃતિ રૂપે ભૂતલ પર પ્રકટ થયા. આપશ્રીનું સ્વરૂપ અપ્રાકૃત હતું. અદ્ભુત હતું. સમકાલીન રાજાઓ પણ મોહિત થઈ ગયા હતા.

આપશ્રીએ અમૃત તુલ્ય વેદોનો ઉદ્ધાર કર્યો. આ રીતે વેદ ઋચાઓના દેવોનો પણ ઉદ્ધાર થયો. અસુરી જીવોને વિરૂદ્ધધર્માશ્રયી સ્વરૂપથી મોહ કરાવ્યો. પુષ્ટિ દૈવી જીવોને પુષ્ટિ રૂપ અમૃતનું પાન કરાવ્યું.


વાકપતિઃ

૧૪. શ્રી નૃસિંહ :

સમગ્ર જગતના દુઃખ રૂપી સમુદ્રનું નિવારણ કરનાર ભગવાન નૃસિંહ



શ્રી નૃસિંહ

સ્તંભમાંથી પ્રકટ થયા. હિરણકશિપુનું નખથી વિદારણ કરી સ્વકામ ભક્ત પ્રહ્લાદનું રક્ષણ કર્યું.

હિરણકશિપુ પૂર્વ જન્મમાં ભગવાનનો પાર્ષદ હતો. જય વિજયને સન્તકુમારોનો શ્રાપ હતો. આથી અસુર યોનિમાં જન્મ્યો હતો. તેનો પુત્ર પ્રહ્લાદ હતો. અસુર કૂળમાં જન્મ હોવા છતાં ભગવદ્ ભક્ત હતો. હિરણકશિપુએ પોતાના ભક્ત પુત્રને ખૂબ રંજાડયો. અંતે સ્તંભમાંથી શ્રીનૃસિંહ પ્રકટ થયા. સર્વ જગતનું દુ:ખ દૂર કર્યું. ચટાઈ બનાવનાર જેમ નખથી ઘાંસને ચીરે તે પ્રકારે શ્રીનૃસિંહે પોતાના નખથી હિરણકશિપુની છાતી ચીરી નાખી.

શ્રીમહાપ્રભુજીમાં શ્રીનૃસિંહ સામ્ય :

શ્રીવલ્લભ ચંપારણ્યમાં એકાએક અગ્નિકુંડથી પ્રકટ થયા. દૈવી જીવોને અજ્ઞાન રૂપ દૈત્યો દુ:ખ દેતાં હતાં. શ્રીવલ્લભના પ્રમાણરૂપ સદ્વાક્યો આપશ્રીનાં નખચંદ્ર જેવા છે. તેનાથી અજ્ઞાન રૂપ દૈત્યને વિદારી દીધો નિજભક્તોની રક્ષા કરી.



ઉગ્રપ્રતાપઃ

આપશ્રી ઉગ્રપ્રતાપ છે આપશ્રીના તેજ સામે બીજા કોઈ રહી શકતા નથી. માત્ર પુષ્ટિ જીવોને જ આપની શરણાગતિ મળે છે. પોતાના તેજથી અન્ય તેજને શાંત કરી દે છે.

આ તેજથી વાલંકોટના રાજાને રોગ મુક્ત કરાવ્યો હતો.

૧૫. શ્રીવામન :

કશ્યપ પુત્ર ભગવાન વામનજી મહાન ગુણ સમુહથી વ્યાપ્ત છે. સમગ્ર



શ્રી વામન

દેવસમૂહે તેમની સ્તુતિ કરેલી. વામનજી પ્રથમ ભિક્ષુ સ્વરૂપ ધારણ કરી બલિરાજાનું સર્વસ્વ લઈ વૃદ્ધિ પામ્યા અર્થાત્ વિરાટ સ્વરૂપ ધારણ કર્યું અને ફરીથી બલિરાજા દ્વારા પૂજાઈ તેની પર અનુગ્રહ કરી અંતર્ધાન થયા.

બલિરાજાએ દેવોનું સઘળું છીનવી લીધું. દેવો અને તેમની મા દુ:ખી થયા. પ્રભુની શરણાગતિ કરી. પ્રભુ કશ્યપ ઋષિને ત્યાં વામન બની પ્રકટયા. બલિના યજ્ઞમાં પધાર્યા. ત્રણ ડગલા ભૂમિ રૂપ ભીક્ષામાં બલિનું સર્વસ્વ લીધું. આ વખતે વિરાટ રૂપ થયા. બલિનો આત્મ નિવેદનથી અંગીકાર કર્યો - કૃપા કરી.

શ્રીમહાપ્રભુજીમાં શ્રીવામન સામ્ય :

શ્રીવલ્લભ લક્ષ્મણ ભટ્ટના પુત્ર રૂપે પ્રગટ્યા. શ્રીઠાકોરજીએ દેવકીજીના ત્યાં પ્રકટ થઈ સઘળો વૃતાંત કહ્યો છે. તે પ્રમાણે દેવકી-વસુદેવ પહેલાં પૃશ્નિ અને સુતપા હતા. તેમને પૃશ્નિગર્ભ નામે પ્રસિદ્ધ પુત્ર ભગાવન રૂપે મળ્યા. પછી તેઓ અદિતિ અને કશ્યપ રૂપે જન્મ્યા. વામન ભગવાન ત્યાં પ્રકટયા - ઉપેન્દ્ર કહેવાયા. ત્રીજા જન્મે દેવકી અને વસુદેવના ત્યાં કૃષ્ણ પ્રકટયા.



ભૂવિભાગ્ય:

આ દેવકી અને વસુદેવજી શ્રી ઈલ્લમાગારૂ અને શ્રીલક્ષ્મણભટ્ટ સ્વરૂપે પ્રકટયા. આપશ્રીના ત્યાં કૃષ્ણ સ્વરૂપ શ્રી વલ્લભ પ્રકટ થયા. આમ શ્રી વલ્લભ આથી વામન રૂપ પણ છે.

પ્રથમ પૃથ્વી પરિક્રમા માટે પધારતાં શ્રીવલ્લભનું આયુ ૧૦ વર્ષનું હતું. યજ્ઞોપવિત, દંડ, મેખલા, કૌપિન, કટિવસ્ત્ર અને કમડંલુ ધારણ કર્યાં હતાં. બટુક બ્રહ્મચારીના આ ચિન્હોથી શોભતાં હતાં.

વિદ્યાનગરની રાજ સભામાં શ્રીવલ્લભ આવા સ્વરૂપે પધાર્યા. અભિમાની પંડિતોને જીત્યા- આચાર્ય પદ અંગીકાર કર્યું. વિદ્યાનગરના રાજા પર કૃપા કરી તેને આત્મનિવેદન કરાવી તેની સઘળી સંપત્તિનો સ્વીકાર કર્યો. કનકાભિષેક થયો. આત્મનિવેદિત ભક્તોનો અંગીકાર કર્યો. કનકાભિષેકથી પ્રાપ્ત કરેલી સત્કીર્તિના પ્રસારથી વૃદ્ધિ પામીને પૃથ્વી પરિક્રમા કરી.

૧૬. શ્રીપરશુરામ :


શ્રી પરશુરામ

પરશુરામજી રેણુકાજીના આનંદની વૃદ્ધિ કરનાર છે. પરશુરામે બ્રહ્મદ્રોહ કરનાર ઘણા ક્ષત્રિઓનો તીક્ષ્ણ પરશુથી નાશ કર્યો.

તે વખતે બ્રાહ્મણોનો દ્રોહ કરનાર ક્ષત્રિયો હતા. શ્રી પરશુરામે એકવીસ વાર તીક્ષ્ણ પરશુથી આ બધાને માર્યા.

શ્રીમહાપ્રભુમાં શ્રીપરશુરામ સામ્ય :


માયાવાદખ્યતૂલાગ્નિઃ

શ્રીવલ્લભના સમયમાં શ્રૌત દ્રોહ કરનારા આસુરી જીવો હતા. આ બધાં હંમેશ શાસ્ત્રાર્થની ઈચ્છા કરી શ્રીવલ્લભના સેવા કથા કાર્યમાં અવરોધ કરતાં હતાં. શ્રીવલ્લભે કાશીમાં વિશ્વેશ્વર મહાદેવના મંદિરે ‘પત્રાવલંબન ગ્રંથ’ લગાવી તે સર્વને નિરૂત્તર કર્યા. અસંખ્ય સ્થળોએ અનેક શાસ્ત્રાર્થો કરી સાકાર બ્રહ્મવાદનો દ્વેષ કરનારાઓને હરાવ્યા. વિદ્યાનગરની સભામાં ૨૭ (સત્તાવીસ) દિવસ જુદા જુદા પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરી સાકાર બ્રહ્મવાદ સિવાયના મતોનો તેજો વધ કર્યો.

૧૭. શ્રીવ્યાસજી :

સત્યવતી પુત્ર શ્રીમાન વેદવ્યાસ મહા દયાળુ છે. કલિકાલના મળથી



શ્રી વ્યાસજી

ઘેરાયેલા, દુષ્ટ બુદ્ધિવાળા, મંદ ભાગ્યવાળા અને દુષ્ટ જીવોને જોયા. પાખંડ રૂપ અંધકારથી વ્યાપ્ત જીવ સમૂહનું અજ્ઞાન નાશ કરવા સૂર્ય સમાન શ્રીભાગવત પ્રકટ કરી ઉદ્ધાર કર્યો.

શ્રીવ્યાસજીએ એકવાર પોતાના આશ્રમમાં સમાધિ કરી. તેમાં આપે કલિકાલ ગ્રસ્ત જીવો જોયા. આ જીવો દુર્ભાગી અને મંદમતિ હતા. શ્રી વ્યાસજીને કરૂણા થઈ. આ જીવોના ઉદ્ધાર માટે વેદના વિભાગ કર્યા. મહાભારત આખ્યાન કહ્યું. શ્રી ભાગવતજી રચ્યા.

શ્રીમહાપ્રભુજીમાં શ્રી વ્યાસજી સામ્ય :

શ્રીવલ્લભે કલિકાલમાં પાખંડ માર્ગના સમુદ્રમાં પીડાતાં દુ:ખી જીવો જોયા. તેમના ઉદ્ધાર માટે પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો. બ્રહ્મસંબંધનો ઉપદેશ કર્યો. શ્રીભાગવત ધર્મનો પ્રચાર કરવા ગાયત્રી ભાષ્ય ગીતાર્થ (શાસ્ત્રાર્થ પ્રકરણ) તત્ત્વાર્થદીપ નિબંધ તથા શ્રી સુબોધિની જેવા શાસ્ત્રો રચ્યાં. જીવોને યોગ્ય માર્ગદર્શન આપ્યું. આજ પણ સ્વવંશથી જીવોનો ઉદ્ધાર કરે છે.



પૃથક્શરણમાર્ગોપદેષ્ટઃ

શ્રી રામ

૧૮. શ્રી રામ :

ભગવાન રામચંદ્રજી અયોધ્યાના અધિપતિ છે. સમુદ્રમાં સેતુ બાંધીને પોતાની સેનાને પાર લઈ ગયા અને જલ્દીથી દૈત્ય સેનાને જીત્યા.

શ્રી રામે પિતાના રાજ્યનો ત્યાગ કર્યો. કંટકો ભરેલા વનમાં ચાલ્યા. વનવાસ દરમ્યાન ઘણા જીવોનો અંગીકાર

- ઉદ્ધાર કરતાં રહ્યા. સમુદ્ર પર સેતુ બાંધ્યો. સેનાને સાગર પાર ઉતારી. રાક્ષસ સૈન્યને જીત્યું.

શ્રીમહાપ્રભુજીમાં શ્રી રામ સામ્ય :


શ્રીભાગવતપીયૂષ સમુદ્રમથનક્ષમ:

શ્રીમહાપ્રભુજીના પિતૃચરણો એ શ્રી બાલાજીના મુખમાં પ્રવેશ કર્યો. આ વખતે શ્રીવલ્લભ દસ વર્ષનાં હતાં. આપશ્રીએ પિતાના શિષ્ય રૂપી પ્રજાજનો પરનું રાજ્ય જતું કર્યું. ત્રણ ત્રણ વખત વિકટ વનોમાં થઈ ઉઘાડા ચરણે પરિક્રમા કરી. રસ્તામાં કેટલાય જીવોનો ઉદ્ધાર કરતાં રહ્યા. માયાવાદી અસુરોને શાસ્ત્રાર્થમાં વાક્‌બાણોથી હણતાં રહ્યાં.

શ્રી ભાગવત સાગરમાં શ્રી ભાગવતાર્થ અને શ્રીસુબોધિની રૂપ સેતુ બાંધ્યો. તે દ્વારા સ્વકીયોને ભવપાર ઉતાર્યા. આપશ્રી શ્રી ભાગવત અમૃત સમુદ્રનું મંથન કરવામાં સમર્થ છે. શ્રી ભાગવતના શાસ્ત્રાર્થ, સ્કન્ધાર્થ, પ્રકરણાર્થ, અધ્યાયાર્થ, પદાર્થ અને અક્ષરાર્થ એમ સાત અર્થો રૂપી સેતુ બાંધ્યો.

૧૯. શ્રી બલરામજી અને (૨૦) શ્રીકૃષ્ણ:


શ્રી બલરામજી

શ્રી બલદેવજી હળને ધારણ કરનાર છે. નિજાનંદ સમુદ્રમાં ડૂબેલા છે. શ્રીકૃષ્ણના સુખ માટે પ્રયત્નશીલ છે. રોહિણીજીના આનંદને વધારનારા છે. નિજ ક્રીડા કરવાવાળાને ઈચ્છિત દાન કરનારા છે. રેવતીજીના પતિ છે. પુષ્ટિમાર્ગ સ્થિત સત્પુરૂષોએ નિરંતર શ્રીબલદેવજી / વ્રજેશ શ્રીકૃષ્ણચંદ્રની માફક સેવવા લાયક છે.

શ્રી નંદરાજ કુમાર શ્રીકૃષ્ણચંદ્ર પ્રભુ ષડઐશ્વર્ય સંપન્ન છે. જગતનું ઈચ્છિત સંપાદન કરનારાં છે. તેમના સહોદર મોટા ભાઈ શ્રીરેવતી

રમણ બલભદ્રજી છે. તેમની સાથે સારસ્વત કલ્પમાં પ્રકટ થઈ દુષ્ટ સમૂહ રૂપી પૃથ્વીના ભારને ઉતાર્યો. શ્રી હસ્તે મારવાથી તે દુષ્ટોનો મોક્ષ થયો.

શ્રી વસુદેવ અને દેકવીજીના અનેક તપોના ફલ સ્વરૂપ આ બે સ્વરૂપો પ્રકટ સારસ્વત કલ્પમાં પ્રકટ થયા છે. સકલ જગતનું અભીષ્ટ કર્યું છે. પૃથ્વીના ભાર રૂપ દુષ્ટોને માર્યા અને તાર્યા.

શ્રી કૃષ્ણ

શ્રીમહાપ્રભુજીમાં શ્રીબલરામ – શ્રીકૃષ્ણ સામ્ય :



શ્રી મહાપ્રભુજી સો સોમયજ્ઞ રૂપ તપ પછી ફલ સ્વરૂપે પ્રકટ થયા છે.

વેદો, શ્રીગીતાજી, બ્રહ્મસૂત્રો અને શ્રી ભાગવત પરની આપની મિમાંસા તે આપશ્રીના નામાત્મક ચાર વ્યૂહ છે. બલરામજી વેદ સ્વરૂપ છે.

શ્રીકૃષ્ણ - બલરામે વ્રજના જીવોની અવિદ્યા દૂર કરી હતી. શ્રીમહાપ્રભુજી આજ પણ સ્વવંશ દ્વારા અષ્ટાક્ષર અને ગદ્યમંત્રના દાનથી જીવોની અવિદ્યા દૂર કરે છે.

આનંદ:

શ્રીવલ્લભ આનંદ રૂપ હોવાથી વિપ્રયોગાત્મક કૃષ્ણ છે. પરમાનંદ રૂપ હોવાથી સંયોગાત્મક કૃષ્ણ છે. આસુર વ્યામોહ લીલા વખતે પૂર્ણાનંદ નામ ધર્યું હતું.

આપશ્રી પોતાના આનંદથી પરિપુષ્ટ છે. આથી ઠઠ્ઠાના નારાયણદાસના પિતા, સેવક ન હોવાથી હજાર રૂપિયાની ભેટ પાછી મોકલી - વિદ્યાનગરમાં કૃષ્ણ દેવરાયની સભામાં કનકાભિષેકનું સુવર્ણ વિદ્વાનોને આપી દીધું. આપશ્રીએ ગ્રહણ ન કર્યું. આ સભામાં આપશ્રી જગદ્‌ગુરુ તરીકે પૂજાયા. (શ્રીકૃષ્ણ પણ જગદ્‌ગુરુ કહેવાય છે.)

આપશ્રી માતૃચરણો ઈલ્લમાજીના આનંદનું વર્ધન કરે છે. ભજનાનંદનું

દાન કરી શ્રીઅક્કાજીના પ્રાણ વલ્લભ બને છે. ભક્તેચ્છા પૂરક છે. શ્રીકૃષ્ણની ભક્તિ કરનારાં છે અને સમગ્ર ઈચ્છિત વસ્તુ આપનારા છે.

કલિના જીવોના ઉદ્ધાર માટે આધિદૈવિક પ્રેમલક્ષણા ભક્તિ અને અદેય રસાત્મક ભગવત્ સ્વરૂપ દાન કર્યું. શ્રીવ્રજેશે દર્શાવેલ પૃથ્થકશરણ માર્ગ પ્રકટ કર્યો.

શ્રીવલ્લભે અન્યોરના બે બ્રાહ્મણ બાલકોને શરણમાં લઈ રાસલીલામાં પ્રવેશ કરાવ્યો.


પરાયઃ

કૃષ્ણદાસ પ્રભૃતિ સેવકોની ઈચ્છા પૂરી કરી. શ્રીકૃષ્ણની જેમ ભક્તોને કૃષ્ણ ભક્તિનું દાન કર્યું. જાતે કૃષ્ણ સેવા કરી સ્વકીયોને શીખવી.

દામોદરદાસ સંભલવાળા પ્રભૃતિ સેવકોના ઘરે રહી પ્રભુ સેવા શીખવી અને ગુરુ સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું.

શ્રી બલરામજી પણ પુષ્ટિસ્થ છે. શ્રીકૃષ્ણવત્ સેવ્ય છે. શ્રીગોપીનાથજી પણ પુષ્ટિસ્થ છે. શ્રી ગુસાંઈજીવત્ આદરણીય છે.


શ્રી બુદ્ધ

૨૧. શ્રી બુદ્ધ :

ભગવાન બુદ્ધે દેવોનું કાર્ય કરવા માટે સર્વે બ્રાહ્મણો અને વેદાદિકોની નિંદા કરી. જગતથી વિપરીત કર્મનું આચરણ કરતાં સર્વ દૈત્યોને મોહ પમાડવા લાગ્યા.

તે વખતે દેવ અને વેદ વિરૂદ્ધનું વાતાવરણ હતું. દેવ કાર્ય અને વેદ રક્ષા માટે દૈત્યોને મોહ કરાવ્યો. વેદ વિરૂદ્ધ વાતો કરી આથી મોહિત થયેલ એ અધિકારી જીવો વેદ માર્ગમાં પ્રવેશી ન શક્યા.

શ્રીમહાપ્રભુજીમાં શ્રીબુદ્ધ સામ્ય :


પ્રાકૃતાનુકૃતિવ્યાજ મોહિતાસુર માનુષઃ

શ્રીવલ્લભે પ્રાકૃત મનુષ્યનો આકાર ધર્યો છે. આ રૂપથી આપશ્રી આસુરી જીવ તથા અન્ય મનુષ્યોને મોહિત કરે છે. આથી અનઅધિકારી જીવો ભક્તિમાર્ગમાં ચેષ્ટા કરી શકતા નથી.

કૃષ્ણદાસ મેઘને હાથમાં સળગતાં અંગારા રાખ્યાં. શ્રીવલ્લભનાં ઈશ્વરપણાની સાક્ષી આપી પણ તેમનાં ગુરુ અનઅધિકારી હતાં. તેઓ શ્રીવલ્લભને ઈશ્વર મનાવા તૈયાર ન જ થયાં.

શ્રીવલ્લભ સત્યના આગ્રહી રહ્યા છે. જીવ હિંસાના વ્યવસાયમાંથી ઘણાને યોગ્ય માર્ગે લાવ્યા છે. વિજ્ઞાનને ધર્મના આચારોમાં વણી લીધું. આથી જ ભગવદ્ સેવા ઋતુ અનુસાર વાઘા, વસ્ત્ર, સામગ્રી અને રાગોનો વિનિયોગ કરાવ્યો.

આસુર જીવોને મોહ કરાવતાં સંન્યસ્ત ગ્રહણ કર્યું. આસુર વ્યામોહલીલાથી સ્વરૂપ તિરોહિત કર્યું.

૨૨. કલ્કી :


શ્રી કલ્કી

કલિયુગના અંતમાં કલ્કી ભગવાન થશે. આમ ચારે તરફથી જીવોના અજ્ઞાનનો નાશ કરી જીવોનું કલ્યામ કરનાર થશે.

શ્રીમહાપ્રભુજીમાં શ્રીકલ્કી સામ્ય :

શ્રીવલ્લભ વૈશ્વાનર છે. કલિયુગથી નષ્ટપ્રાય અને દુર્બળ બનેલા નિર્મળ પુષ્ટિ ભક્તિમાર્ગનો ફરી પ્રકાશ કરે છે. આમ શ્રીવલ્લભે કલિકાલમાં પુષ્ટિ ભક્તિમાર્ગ પ્રકટ કર્યો.

ઘર ઘરમાં શ્રીકૃષ્ણ પધરાવ્યા. જ્યાં કૃષ્ણ છે ત્યાં કલિ-ક્લેશ નથી. ભગવાન સર્વકાલમાં પુષ્ટિમાર્ગનું તો રક્ષણ કરે છે. ભગવાન સમર્થ છે. તેમનાં ચરણ કમળ દુર્લભ છે. કૃત યુગને તેઓ ભોગવનારા છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન એવા સર્વ સમયમાં તથાચારે યુગોમાં પણ પુત્ર પૌત્ર વગેરે સ્વવંશ દ્વારા પુષ્ટિમાર્ગનું અવશ્ય રક્ષણ કરશે જ.



પુષ્ટિલીલાકર્તા



શ્રી હયગ્રીવ

શ્રી હયગ્રીવ :

નષ્ટ થયેલ વેદોનો ઉદ્ધાર કર્યો.

શ્રીમહાપ્રભુમાં શ્રીહયગ્રીવ સામ્ય :

શ્રીવલ્લભના સમયમાં વેદ પ્રદિપાદિત શુદ્ધાદ્વૈત નિર્ગુણ પુષ્ટિભક્તિ માર્ગ નાશ પામ્યો હતો. આપશ્રીએ તે પુનઃ પ્રદર્શિત કર્યો.

શ્રીહંસ : બ્રહ્માજીના સનકાદિક પુત્રોને જ્ઞાન દીધું. બ્રહ્માજી પર કૃપા કરી.

શ્રીમહાપ્રભુજીમાં શ્રીહંસ સામ્ય :

શ્રી મહાપ્રભુજીએ ચિત્રકુટ પર્વત પર શ્રીહનુમાનજીને રામ સ્વરૂપે દર્શન આપ્યા. જ્ઞાન આપ્યું કે શ્રીવલ્લભ રામ સ્વરૂપ ધારણ કરી શકે છે. શ્રી રામ શ્રીવલ્લભ સ્વરૂપ ધારણ કરી શકતા નથી. આ પ્રસંગથી શ્રીરામચંદ્રજીને સંતોષ થયો.

બ્રહ્મજ્ઞાન માટે મથતા અને મુંઝાતા લોકોને સાકાર બ્રહ્મવાદ અને ભગવાનના વિરૂદ્ધ ધર્માશ્રય ગુણનું જ્ઞાન દીધું.



શ્રી હંસ

શ્રી હરિરાયજી મહાપ્રભુ આ ગ્રંથ પઠનનું અંતે ફલ દર્શાવે છે.

સર્વાવતાર સામ્ય નિરૂપણનો પૃથ્વીમાં પાઠ કરવાથી અથવા સાંભળવાથી પુરુષોને શ્રીનંદકુમાર, શ્રીકૃષ્ણચંદ્ર અને શ્રીમહાપ્રભુજીનં નિશ્ચિત અભેદપણું સિદ્ધ થાય છે.

આપશ્રી વિનંતી કરે છે કે બાલસ્વભાવથી મારુ કહેલું, સ્વવંશ ઉપર પ્રેમ રાખનાર શ્રીવલ્લભાચાર્ય નામના પ્રભુ સર્વ પ્રકારે ક્ષમા કરે.

આનંદના ભંડાર રૂપ શ્રી હરિ, શ્રીવલ્લભાચાર્યજી અને નિઃસાધન એવા મારો પોતાનો જાણી અંગીકાર કરે છે. શ્રીકૃષ્ણચંદ્ર મારો આશ્રય છે.



નારાયણ કવચ – છઠ્ઠો સ્કંધ આઠમો અધ્યાય

શ્રી ભાગવત પ્રમાણે અવતારોથી થતી રક્ષા પ્રકાર :

હરિ	સર્વ પ્રકારની રક્ષા
મત્સ્યાવતાર	જળમાં જળજંતુઓ, વરુણના પાશ
વામનજી	સ્થળમાં
ત્રિવિક્રમ	આકાશમાં
નૃસિંહ	કિલ્લા, વન તથા રણભૂમિ
વરાહ	માર્ગમાં
પરશુરામ	પર્વતોનાં શિખર પર
રામચંદ્રજી લક્ષ્મણ સહિત	પ્રવાસમાં
નારાયણ	મારણ - મોહન અને ગફલત
નર	ગર્વથી
દત્તાત્રેય	યોગભ્રંશથી
કપિલદેવજી	કર્મના બંધનથી
સનતકુમારો	કામદેવથી
હયગ્રીવ	દેવોને નમસ્કાર ન કર્યાના અપરાધથી
નારદજી	સેવામાં થતા અપરાધથી
કચ્છપ	સર્વ પ્રકારના નરકથી
ધન્વંતરી	કુપથ્યમાંથી
ઋષભદેવ	સુખ, દુ:ખ વગેરે દ્વંદ્વોથી
યાજ્ઞાવતાર	લોકાપવાદથી
બળભદ્રજી	મનુષ્ય કૃત વિઘ્નોથી
શેષનાગ	સર્પોના ગણથી

વેદ વ્યાસ	અજ્ઞાનથી
બુદ્ધ	પાખંડી અને પ્રમાદથી
કલ્કી	કલિકાલના દોષોથી
કેશવ	સવારમાં
ગોવિંદ	થોડો દિવસ ચઢે ત્યારે
નારાયણ	પૂર્વાહ્ણ કાળમાં
વિષ્ણુ	મધ્યાહ્ન કાળમાં
મધુસુદન	ત્રીજા પહોરે
માધવ	સાયંકાળે
ઋષિકેશ	સૂર્યાસ્ત પછી
પદ્મનાભ	મધરાત પહેલાં અને મધરાતે
હરિ	પાછલી રાત્રે
જનાર્દન	ઉષાકાલ વખતે
દામોદર	સૂર્યોદય પહેલાં
વિશ્વેશ્વર	બધી સંધ્યાઓ વખતે

શ્રીહરિરાયજી મહાપ્રભુ એ ‘‘શ્રીમદાચાર્ય સકલાવતાર સામ્ય રૂ નિરૂપણમ્’’ ગ્રંથ લખ્યો છે. તેમાં અંતે આપશ્રી આજ્ઞા કરે છે.

સત્પુરૂષ શ્રીમાન લક્ષ્મણનંદન શ્રીમહાપ્રભુજી સર્વ અવતારોના અત્યં ગુણ કર્મ તથા પરાક્રમોને ધારણ કરે છે. ત્રૈલોક્યમાં સર્વ વૈષ્ણવો આપશ્રી પંડિતેશ્વર, શ્રીકૃષ્ણરૂપ શ્રીપૂર્ણપુરુષોત્તમ કહે છે. આથી પાપથી ભય પામત વૈષ્ણવોએ તૈલંગકુલ - તિલકરૂપ શ્રીમહાપ્રભુજીનું જ સ્મરણ અને ધ્યા કરવું જોઈએ.

	લખાયેલા પુસ્તકો	ન્યોછાવર (પોસ્ટેજ ખર્ચ અલગ)
૧.	શ્રી ગોપીનાથજી	
૨.	શ્રી પુરુષોત્તમજી લેખવાલા	અપ્રાપ્ય
૩.	વિવેક ધૈર્યાશ્રય (ગુજરાતી-અંગ્રેજી)	અપ્રાપ્ય
૪.	કૃષ્ણાશ્રય	અપ્રાપ્ય
૫.	સંપ્રદાય અને અધિકાર	૧૫/-
૬.	રસોવૈસઃ	૧૫/-
૭.	ભક્તિવર્ધિની	૧૫/-
૮.	શ્રી ગુસાંઈજી પ્રકટયા ન હોત તો ?	૧૫/-
૯.	ધન્ય ભાગ્ય જેને વ્રજમંડલ જોયું	૧૫/-
૧૦.	અય મન કરલે સહન (સૂરદાસજી)	૧૦/-
૧૧.	સિદ્ધાંત મુક્તાવલી	૧૦૦/-

(નોંધ : શ્રીગુસાંઈજી પંચશતાબ્દીના સુઅવસરે સિદ્ધાંત મુક્તાવલી પુસ્તકની ન્યોછાવર રૂા. ૫૦/- + પોસ્ટેજ ખર્ચ)

૧૨.	કીર્તન અને પુષ્ટિમાર્ગ	૧૫/-
૧૩.	આર્તિ માટે આરતી (આં.પુ.વૈ.પ. દ્વારા પ્રકાશિત)	



શ્રીમદ્ પ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજી
(શ્રીગુસાંઈજી મહારાજ)

ચિ. વૈશાલીના સ્મરણાર્થે

જન્મ : ૨૬-૪-૧૯૭૪ ગો.વા. : ૧૩-૭-૨૦૧૨